




અમરેલી, ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૨-૦૦
તા.૨૪-૧-૨૦૨૪ બુધવાર

# અવધ ટાઇમ્સ

AVADH TIMES GROUP

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સ: ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,








તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ પોષ સુદ ૪ વર્ષ : ૨૮ અંક ૧૪૦


## પ્રવાસન અને વન પ્રયાણ મંત્રી શ્રી મુળુભાઇ બેરાનાં અધ્યક્ષ સ્થાને આંબરડી સફારી પાર્કમાં વિકાસ કાર્યોનું લોકાર્પણ

# સાસણને ટક્કર મારે તેવો બન્યો ધારીનો આંબરડી પાર્ક

### રૂા.૨૧.૬૩ કરોડનાં ખર્ચે રીસેપ્શન ડેસ્ક, વેઇટીંગ એરીયા, ફુડ કોર્ટ, વિશાળ પાર્કિંગ, વોટર અને સેનીટેશન સહિત વિવિધ સુવિધાઓ સાથે આંબરડી સફારી પાર્ક સંપુર્ણ સજ્જ બન્યો

### વિદેશી પ્રવાસીઓની પ્રથમ પસંદગી ગુજરાત અને આંબરડી પાર્ક છે : પ્રવાસીઓની સુવિધા માટે રાજ્ય સરકાર પ્રતિબધ્ધ : મંત્રીશ્રી મુળુભાઇ બેરા : સાંસદશ્રી કાછડીયા, શ્રી વેકરીયા, શ્રી કાકડીયાની ઉપસ્થિતિ



અમરેલી, અમરેલી ગીર એ એશિયાટિક સિંહોનું નિવાસસ્થાન છે. ગીરની એક આગવી ઓળખ એટલે સિંહનો આ વિસ્તારમાં વસવાટ! દર વર્ષે જિલ્લાના ધારી તાલુકાના આ આંબરડી સફારી પાર્ક ખાતે પ્રવાસીઓ દ્વારા મુલાકાત લેવામાં આવે છે. આ સફારી પાર્કમાં વિવિધ પ્રકારના આકર્ષણો વિકસિત કરવામાં આવ્યા છે, જે પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. ગીરનું કુદરતી સૌંદર્ય અને ગીરના ડાલામથ્થા સિંહ પ્રવાસીઓને આકર્ષે છે. વેકેશન દરમિયાન વિવિધ રાજ્યો અને વિવિધ દેશના પ્રવાસીઓ ગાંડી ગીરમાં મહેમાન બનીને ગીરના અદભૂત સૌંદર્યને માણે

(અનુ. પાના નં.૨)








બાલમુકુંદ
જ્વેલર્સ
આજનો ૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
૫૫,૩૯૦/-
(૧૦ ગ્રામ)
અમરેલી
વધુ માહિતી માટે - ૬૩૫૨૪ ૩૧૩૬૬










પર્સનલ મ્યુચ્યુઅલ ફંડ સ્કીમ
સુપર મેગા ઓફર સ્કીમ
રૂા.૧,૦૦,૦૦૦/- નું રોકાણ કરો તો ૧૪ માસે મળવા પાત્ર રૂા.૨,૦૦,૦૦૦/-
(તા.૧-૨-૨૦૨૪ થી તા.૩૧-૩-૨૦૨૫)
આ સ્કીમ તા.૨૩-૧-૨૦૨૪ થી ૩૧-૧-૨૦૨૪ સુધી જ લાગુ પડશે
(આ ફંડનું રોકાણ શેરબજાર તથા ઇન્વેસ્ટમેન્ટને આધિન રહેશે)
સંપર્ક :- પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
એડ્રેસ :- મીરા આર્કેડ, પહેલા માળે, લાઇબ્રેરી સામે, અમરેલી
પ્રો.વિપુલ એચ.ચાવડા (એકાઉન્ટન્ટ) મો.૯૮૭૯૮ ૮૪૯૭૯
પાર્થ વી.ચાવડા મો.૯૩૨૮૪ ૭૯૦૭૮
સંપર્ક સમય : સાંજના ૪:૩૦ થી ૭:૩૦
વિશ્વાસ પ્રોફીટ તમારા અને સફળતા અમારી
શરતોને આધિન/-*







Sheetal ICE CREAM
WE ARE HIRING!
Job Location : Amreli
MICROBIOLOGIST / CHEMIST
(BSC/MSC) (FEMALE)
DAIRY TECHNOLOGIST
(B.TECH/M.TECH) (MALE | FEMALE)
FOOD TECHNOLOGIST
(B.TECH/M.TECH) (MALE | FEMALE)
SUPERVISOR
(B.A/B.COM) (FEMALE)
WALK-IN TIME
10:00 am to 12:00 pm | 4:00 pm to 6:00 pm
APPLY NOW
+91 9081998018
sheetalhr530@gmail.com
SHEETAL COOL PRODUCTS LIMITED
PLOT NO.75 TO 81, G.I.D.C. ESTATE, AMRELI - 365601.

## આપણો ઉમેદવાર કમળ : શ્રી દિલીપ સંઘાણી : ગુજરાતની ૨૬ લોકસભા બેઠકો આપણે ૫ લાખના માર્જીનથી જીતવાની છે : સાંસદ નારણભાઈ કાછડીયા

# પહેલો ઘા રાણાનો : ભાજપનું ચૂંટણી કાર્યાલય શરૂ

**ભાજપનો કાર્યકર્તા હંમેશા ચુંટણી હોય કે ન હોય છતા કામ કરતો આવેલ છે, આ લોકસભા ચુંટણી ગત ચુંટણી કરતા પણ વધારે મતોના માર્જીનથી જીતવાની છે : શ્રી કૌશિક વેકરિયા**

**દેશના ઈતિહાસમાં ગુજરાત એક એવું રાજય છે જયાં એકી સાથે ૨૬ બેઠકોના કાર્યાલયનો પ્રારંભ થઈ રહયો છે, ભાજપ લોકોના સ્વપ્ન સાકાર કરનાર પાર્ટી છે : શ્રી મહેશ કસવાલા**
















અમરેલી,

હરિફો દ્વારા હજુ કોઈ રણનીતી કે ચુંટણીનો મુદ્દો તૈયાર થાય તે પહેલા પહેલો ઘા રાણાનો કરી ગુજરાતમાં એક સાથે ૨૬ ચુંટણીનાં મધ્યસ્થ કાર્યાલયનો ભાજપે આજથી શુભારંભ કર્યો છે. ત્યારે અમરેલીમાં ભાજપનાં પાયાના દિગ્ગજ આગેવાનશ્રી દિલીપ સંઘાણીની ઉપસ્થિતિમાં ભાજપનાં મધ્યસ્થ ચુંટણી કાર્યાલયનો દબદબાભેર શુભારંભ કરવામાં આવ્યો હતો જેમાં સૌએ કમળને જીતાડવા વિજય ટંકાર કર્યો હતો.

૧૪ અમરેલી લોકસભા કાર્યાલયનું આજે લીલીયારોડ ઉપર ડો. સાવલીયાની હોસ્પિટલ સામે લોકસભાના સંયોજક શ્રીપુનાભાઈ ગજેરા, પ્રભારીશ્રી ધર્મેન્દ્રસિંહજી જાડેજા, શ્રીદિલિપભાઈ સંઘાણી, સાંસદશ્રી નારણભાઈ કાછડીયા, નાયબ ઉપદંડકશ્રી કૌશિકભાઈ વેકરીયા, ધારાસભ્યો શ્રી હીરાભાઈ સોલંકી, શ્રીમહેશભાઈ કસવાલા, શ્રીજનકભાઈ તળાવીયા, શ્રીજે.વી.કાકડીયા, પુર્વ ધારાસભ્યશ્રી બાવકુભાઈ ઉંધાડ, શ્રી નલીનભાઈ કોટડીયા, શ્રીમનસુખભાઈ ભુવા તેમજ મહુવાના ધારાસભ્ય શીવાભાઈ ગોહિલ, પ્રદેશ મહિલા મોરચાના ભાવનાબેન ગોંડલીયા, દિનેશભાઈ પોપટ, શ્રીઅશ્વિનભાઈ સાવલીયા, શ્રીમુકેશભાઈ સંઘાણી, શ્રીજયંતિભાઈ પાનસુરીયા, મનિષભાઈ સંઘાણી, પ્રાગજીભાઈ હીરપરા, શરદભાઈ લાખાણી, મયુરભાઈ માંઝરીયા, શૈલેષભાઈ પરમાર, જીલ્લા પંચાયતના પ્રમુખ ભરતભાઈ સુતરીયા, પાલિકાના પ્રમુખ બીપીનભાઈ લીંબાણી, જીતુભાઈ ડેર, અતુલભાઈ કાનાણી, મેહુલભાઈ ધોરાજીયા, રાજેશભાઈ કાબરીયા, ભાવેશભાઈ સોઢા, ભરતભાઈ મકવાણા, મયુરભાઈ માંજરીયા તેમજ જીલ્લા અને તાલુકાપંચાયતના પ્રમુખો, તથા હોદેદારો અને કાર્યકર્તાઓ તેમજ જીલ્લા ભાજપ મહિલા મોરચો , જુદા જુદા મંડલના હોદેદારોની ઉપસ્થિતિમાં અમરેલી લોકસભા કાર્યાલયનું મંચસ્થ મહાનુભાવો દ્વારા દિપ પ્રાગટય કરી ખુલ્લું મુકાયું હતું.

આ પ્રસંગે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટીમાં પ્રથમ દેશના ઈતિહાસમાં ગુજરાત એક એવું રાજય છે જયાં એકીસાથે ૨૬ બેઠકોના કાર્યાલયનો પ્રારંભ થઈ રહયો છે. દેશ અને દુનિયામાં ગઈકાલે અયોધ્યામાં રામલલ્લા બિરાજમાન થયા છે. તે એક ઈતિહાસ નરેન્દ્રભાઈ મોદીએ સર્જયો છે. ભારતીય જનતા પાર્ટી લોકોના સ્વપ્ન સાકાર કરનાર પાર્ટી છે. આઝાદીના ૧૦૦ વર્ષે આપણે આપણી કામગીરી શરૂ રાખીએ. કેન્દ્ર અને રાજય સરકારની યોજનાઓ ગરીબ લોકોને ધ્યાને રાખી બનાવવામાં આવી છે. રોજગારીનું માધ્યમ ઉધોગો છે. તે જ રીતે અન્ન પુરૂ પાડવા માટે ખેતી પણ જરૂરી છે.

નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ જણાવેલ કે સમગ્ર રાજયમાં આજે લોકસભા કાર્યાલયોનો પ્રારંભ થયો છે. ત્યારે ભાજપનો કાર્યકર્તા હંમેશા ચુંટણી હોય કે ન હોય તો પણ કામ કરતો આવેલ છે. આ લોકસભા ચુંટણી ગત ચુંટણી કરતા પણ વધારે મતોના માર્જીનથી જીતવાની છે. અને જેના માટે જીલ્લાભરમાં કાર્યકર્તાઓ માઈક્રો પ્લાનીંગથી કામ શરૂ કરવાનું છે.

સાંસદ નારણભાઈ કાછડીયાએ જણાવેલ ગઈકાલે દેશ અને દુનિયામાં રામલલ્લાનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ આપણા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભવ્ય અને દિવ્ય રીતે ઉજવાયો છે. ગુજરાતની ૨૬ લોકસભા બેઠકો આપણે ૫ લાખના માર્જીનથી જીતવાની છે.

ઈફકોના ચેરમેનશ્રી દિલિપભાઈ સંઘાણીએ જણાવેલ કે આજે આપણે ગુજરાત લોકસભાની ૨૬ બેઠકોના કાર્યાલયોના પ્રારંભના સાક્ષી બન્યા છીએ. અગાઉ ભાજપના કાર્યકર્તાઓએ અમરેલી જીલ્લામાં જે રીતે કામ કર્યુ છે તેના કરતા પણ વધારે જુસ્સા સાથે કાર્યકર્તાઓને મેદાનમાં આવવું પડશે. અને આપણે વાવ્યું છે તે લણવાનું છે. અને આપણો ઉમેદવાર કમળ છે. તે મુજબ આપણે કામ શરૂ કરવાનું છે.

અમરેલી લોકસભા સીટ ૫(પાંચ) લાખ કરતા વધારે મત ની લીડથી જીતવા ભાજપનાં કાર્યકર્તાઓમાં જબરદસ્ત થનગનાટ અને ઉસ્તાહ નું વાતાવરણ જોવા મળેલ. આમ પહેલો ઘા રાણાનો કરીને અમરેલી જીલ્લા ભાજપ દ્વારા મધ્યસ્થ ચુંટણી કાર્યાલયનો પ્રારંભ કરી ચુંટણીની જબરદસ્ત તૈયારીઓ શરૂ કરી દીધી છે તેમ જીલ્લા ભાજપ મહામંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ બસીયા અને જીલ્લા મહામંત્રી શ્રી મેહુલભાઈ ધોરાજીયા ની અખબાર યાદી માં જણાવેલ છે.

### પહેલા પાનાનું
### આંબરડી પાર્ક

છે. આંબરડી સફારી પાર્કમાં પ્રવાસીઓને વધુમાં વધુ સુવિધાઓ પ્રાપ્ત થાય તે માટે રાજય સરકારના પ્રવાસન અને વન, પર્યાવરણ મંત્રીશ્રી મૂળુભાઈ બેરાના અધ્યક્ષ સ્થાને વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ થયું હતું. રુ. ૨૧.૬૩ કરોડના ખર્ચે બે ફેઝમાં રિસેપ્શન ડેસ્ક, ઈન્ટરપ્રિટેશન સેન્ટર, સોવેનિયર શોપ, વેઈટીંગ એરિયા, ફૂડ કોર્ટ, વિશાળ પાર્કિંગની વ્યવસ્થા, વેઈટીંગ લોંજ, સેનિટેશન સુવિધા, પાથવે, સીસીટીવી કેમેરા, આકર્ષક ગેટ સ્કલ્પચર સહિતની સુવિધાઓ વિકસિત કરવામાં આવી છે. આંબરડી સફારી પાર્ક ખાતે બ્રોન્ઝ લાયન સ્કલ્પચર, મેટલ સિંહ અને હરણનું સ્કલ્પચર, એમ્ફી થિયેટર સહિત વિવિધ પશુ-પક્ષીઓના સ્કલ્પચર પણ પ્રવાસીઓ માટે આકર્ષણ બનશે. આંબરડી સફારી પાર્ક ખાતે વિવિધ વિકાસ કાર્યોના લોકાર્પણ પ્રસંગે જિલ્લા સાંસદશ્રી નારણભાઈ કાછડીયા, વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી કૌશિકભાઈ વેકરિયા, ધારી-બગસરાના ધારાસભ્ય શ્રી જે.વી. કાકડીયા ઉપસ્થિત રહ્યા હતા. આંબરડી સફારી પાર્ક ખાતે વિવિધ વિકાસ કાર્યોના લોકાર્પણ કાર્યક્રમ પ્રસંગે પ્રવાસન અને વન, પર્યાવરણ મંત્રીશ્રી મૂળુભાઈ બેરાએ જણાવ્યુ કે, ગુજરાત રાજ્ય સરકાર વિવિધ પ્રવાસન સ્થળોના વિકાસકાર્યો માટે કાર્યરત છે. ગુજરાત એ વિદેશી પ્રવાસીઓની પ્રથમ પસંદગી બન્યું છે. આંબરડી સફારી પાર્ક રાજ્યનું ગૌરવ છે, પ્રવાસીઓને ઉત્કૃષ્ટ સુવિધાઓ મળી રહે તે માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. ગુજરાત પ્રવાસનની દ્રષ્ટિએ સમૃદ્ધ રાજ્ય છે. રાજ્ય સરકારે પ્રવાસનની સુવિધાઓમાં ઉમેરો થાય અને તે વિકસિત થઈ શકે તે માટે વધુ અનુદાન ફાળવવા માટે વ્યવસ્થા કરી છે. મંત્રીશ્રીએ આંબરડી સફારી પાર્ક અને તેની વિશેષતાઓ વિશે નાગરિકો જ્ઞાત થાય તે માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. મંત્રીશ્રીએ ઉમેર્યુ કે, રાજયમાં પ્રવાસન સ્થળોના તબક્કાવાર વિકાસની ગુજરાત રાજ્ય સરકારની નેમ છે. આંબરડી સફારી પાર્ક ખાતે વિવિધ વિકાસ કાર્યોના લોકાર્પણ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી ભરતભાઈ સુતરીયા, ધારી તાલુકા પંચાયત પ્રમુખશ્રી, જિલ્લા પંચાયત સભ્યશ્રીઓ, તાલુકા પંચાયત સભ્યશ્રીઓ, વનસંરક્ષક શ્રી ઝાલા, નાયબ જિલ્લા પોલીસ અધિકારી શ્રી વોરા, એ.સી.એફ શ્રી ત્રિવેદી સહિત વન વિભાગ ધારી પૂર્વના અધિકારીશ્રી-કર્મચારીશ્રીઓ અને નાગરિકો સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

MUTUAL FUND
SIP
ટીપે ટીપે સરોવર, કાંકરે કાંકરે પાળ..
SIP એ SIP એ ધનનાં ઢગલે ઢગલા..
આજે જ... અત્યારે જ શરૂ કરો
સંપર્ક : દ્વારકાદાસ લલાડીયા
નોલેજ આધારિત ઉમદા સર્વિસ
સમૃધ્ધિ સેતુ ઇન્વેસ્ટમેન્ટ-ઇન્સ્યુરન્સ સર્વિસ
ઓફીસ - ૧૭, બીજે માળે, સીટી મોલ, રાજકમલ ચોક, અમરેલી
ફોન : (૦૨૭૯૨) ૨૨૪૦૪૦ મો.૯૩૨૮૬ ૧૨૦૦૦ / ૯૯૨૫૬ ૨૮૨૭૪

અમરેલીનું ગૌરવ
હોટલ રોયલ ફોરચ્યુન
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી
બર્થડે પાર્ટી
પાર્ટી હોલ
ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

જમીન વેચવાની છે
લાઠી તાલુકાના પાડરશીંગામાં
પટેલના પાડોશવાળી
સોનાની લગડી જેવી
૫ વીઘા જમીન વેચવાની છે
બદલો ચાલે
સંપર્ક : મો.૯૪૨૭૨ ૪૮૩૬૯

FASTag
Easy to Cruise
દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો
વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો
મિતુલ ટ્રેડર્સ નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પલેક્ષ, અમરેલી મો. ૯૦૩૩૨ ૬૦૦૫૨

ભાડે આપવાનો છે
બગસરામાં SBI બેંક પાસે નવા
બાંધકામવાળો હોલ ભાડે આપવાનો છે
બેંક, મંડળી, હોસ્પિટલ, ગેસ્ટહાઉસ, હોટલ તેમજ
રેસ્ટોરન્ટ થઇ શકે તેવો હોલ ભાડે આપવાનો છે
હોલની જગ્યા સ્કવેર ફીટ માપ
ગ્રાઉન્ડ ફલોર - ૨૦૦૦ સ્કવેર ફીટ
ફર્સ્ટ ફલોર - ૩૩૫૦ સ્કવેર ફીટ
નોંધ : પાણી અને પાર્કિંગની સુવિધા સાથે
સંપર્ક : મો.૯૨૬૫૨ ૯૫૪૮૧

## અયોધ્યા ઉત્સવ પછી ભાજપ-કોંગ્રેસમાં નામોની લોકોમાં ચર્ચા શરૂ થઇ

# અમરેલીમાંથી કોણ કોને લડાવશે લોકસભાનો જંગ ?

**ભાજપમાં શ્રી પરશોત્તમ રૂપાલા, શ્રી નારણભાઇ કાછડીયા, શ્રી મુકેશ સંઘાણી, જો ભાજપમાં આવે તો શ્રી અંબરીષ ડેર, શ્રી કૌશિક વેકરિયા અને શ્રી મહેશ કસવાળાના નામોની ચર્ચાઓ**

**રાજકારણના રસિયાઓ, ઓટલા પરિષદના પારંગતોમાં કોંગ્રેસમાંથી પુર્વ સાંસદ શ્રી વિરજીભાઇ ઠુમ્મર, શ્રી પ્રતાપ દુધાત, શ્રી પરેશ ધાનાણી, શ્રી જેનીબેન ઠુમ્મરના નામોની ચાલી રહેલી ચર્ચા**





અમરેલી, (ફીલ્ડ રિર્પોટર)

અયોધ્યામાં અને દેશમાં મોટા ઉત્સવ પછી હવે સંભવિત માર્ચ એન્ડથી એપ્રિલ સુધીમાં આવનારી લોકસભાની ચૂંટણીમાં ભાજપ-કોંગ્રેસમાં કોણ લડશે તેના નામોની લોકોમાં ચર્ચા શરૂ થઇ છે.

અમરેલીમાંથી કોણ કોને લડાવશે લોકસભાનો જંગ ? તેવી લોકોની ચર્ચામાં ભાજપમાં કેન્દ્રીય કેબીનેટ મંત્રી શ્રી પરશોત્તમ રૂપાલા, વર્તમાન સાંસદ શ્રી નારણભાઇ કાછડીયા, શ્રી મુકેશ સંઘાણી અને આજે જો ભાજપમાં આવે તો જેમના કુળ અને મુળ ભાજપ છે તેવા પુર્વ ધારાસભ્ય શ્રી અંબરીષ ડેર, નાયબ મુખ્ય દંડક અને ભાજપના તેજીલા તોખાર એવા શ્રી કૌશિક વેકરિયા અને ટુંકા સમયમાં જિલ્લામાં છવાઇ જનારા ધારાસભ્ય અને ભાજપના કસાયેલા પ્રદેશ અગ્રણી શ્રી મહેશ કસવાળાના નામોની ચર્ચાઓ રાજકારણના રસિયાઓ, ઓટલા પરિષદના પારંગતોમાં ચાલી રહી છે.

જયારે સામે પક્ષે કોંગ્રેસમાંથી પુર્વ સાંસદ શ્રી વિરજીભાઇ ઠુમ્મર, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અને લડાયક આગેવાન શ્રી પ્રતાપ દુધાત, જેમના રેફરન્સની કીમત છે તેવા કોંગ્રેસના વરિષ્ઠ આગેવાન અને પુર્વ વિપક્ષ નેતા શ્રી પરેશ ધાનાણી તથા કોંગ્રેસની આવતીકાલના લડાયક યુવાનેતા શ્રી જેનીબેન ઠુમ્મરના નામોની પણ લોકોમાં ચર્ચા ચાલી રહી છે.

---

## સાંજા લોકસ્વામી અખબારના માલિક અને પરજીયા સોની સમાજનાં ગૌરવ એવા

# ઇન્દોરના શ્રી જીતુભાઇ સોનીનું અમરેલીમાં તા. ૨૫ના ભવ્ય સ્વાગત થશે : તડામાર તૈયારીઓ

**કાર્યક્રમમાં અમરેલી શહેરમાં વસતા સમસ્ત પરજીયા સોની સમાજની મોબાઇલ ડીરેકટરીનું શ્રી જીતુભાઇ સોનીના વરદ હસ્તે વિમોચન કરાશે**



અમરેલી, (ડેસ્કરિર્પોટર)

સાંજા લોકસ્વામી અખબાર જુથના માલિક અને અમરેલી જિલ્લાના વતની તથા પરજીયા સોની સમાજના ગૌરવ એવા મધ્યપ્રદેશના ઈન્દોરના લડાયક આગેવાન શ્રી જીતુભાઈ સોની ધારગણીવાળાનું તેમના ધારીની બાજુમાં આવેલ દેવળા ખાતે તેમના શુરાપુરા આપા લક્ષમણ આપા અને કુંકાવાવ ખાતે કુળદેવી તુલજ ભવાની માતાના દર્શને આવતા હોય અમરેલીના અવધ હેરીટેજ રિર્સોટમાં તા. ૨૫ના સાંજના છ કલાકે ભવ્ય સ્વાગતનું આયોજન કરાયું છે.

ધારગણીના વતની અને પરજીયા સોની સમાજના અગ્રણી દાતા અને વિચારક શ્રી જીતુભાઈ સોનીને આવકારવા સમાજની વિવિધ પાંખ તથા વિવિધ સંસ્થાઓ દ્વારા આયોજન તડામાર તૈયારીઓ કરાઈ રહી છે તેમને સત્કારવાના આ કાર્યક્રમ માટે અમરેલી પરજીયા સોની સમાજ દ્વારા તડામાર તૈયારીઓ કરાઈ રહી છે. આ કાર્યક્રમમાં અમરેલી શહેરમાં વસતા સમસ્ત પરજીયા સોની સમાજની મોબાઈલ ડીરેકટરીનું શ્રી જીતુભાઈ સોનીના વરદ હસ્તે વિમોચન કરાશે.

શ્રી ભરતભાઈ ચૌહાણ તંત્રીશ્રી અવધ ટાઈમ્સ તથા અમરેલી પરજીયા સોની સમાજના આગેવાનો સર્વશ્રી જયસુખભાઈ લુહાર, શ્રી રાજુભાઈ સાગર, શ્રી અનીલભાઈ થડેશ્વર, શ્રી ચેતનભાઈ (ભીખાભાઈ) ધકાણ, શ્રી પરેશભાઈ (દકાભાઈ) થડેશ્વર દ્વારા તૈયારીઓ શરૂ કરાઈ હોય આ કાર્યક્રમમાં જોડવા માંગતા આગેવાનો, તથા જ્ઞાતિજનોએ વ્યવસ્થાના ભાગરૂપે શ્રી ચેતનભાઈ ધકાણ (ભીખાભાઈ) મો. ૯૪૨૭૪ ૯૫૩૧૭ અને શ્રી જયસુખભાઈ લુહાર મો.૯૯૭૯૪ ૭૭૬૭૨ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે

**વિવિધ સંસ્થાઓ દ્વારા અવધ હેરીટેજ રિર્સોટમાં ધારગણીના વતની અને પરજીયા સોની સમાજના અગ્રણી દાતાનેં આવકારવા માટેનું આયોજન**

---

## જે ગામનાં સરપંચની ફરિયાદ કે રજુઆત આવે તો તરત એક્શન

# સાવરકુંડલામાં ગૌચર જમીનનું દબાણ ખુલ્લુ કરાવવા માટે શ્રી મહેશ કસવાળા મેદાનમાં

**જીરા ગામથી ગૌચરનું દબાણ હટાવવાનાં અભિયાનનો પ્રારંભ : અધિકારીઓ સાથે બેઠક યોજી**



સાવરકુંડલા, (સૌરભ દોશી)

સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાળા સાવરકુંડલા લીલીયા વિધાનસભામાં જે ગ્રામ્ય વિસ્તારોમાં ગૌચરો ઉપર દબાણ છે અને જે સરપંચોની તેમની પાસે ફરિયાદ કે રજૂઆત આવશે તો તે ગૌચર ખુલ્લું કરાવવા માટે એકશન મોડમાં છે ત્યારે તાલુકાના જીરા ગામે આવેલી રજૂઆતના આધારે ગ્રામ પંચાયત દ્વારા ૫૭,૦૦૦ ભરીને ડીએલઆર દ્વારા માપણી કરાવવામાં આવી અને માપણી ને આધારે હવે ગૌચર ખુલ્લું થશે ત્યારે કાયદાકીય પ્રક્રિયામાં કઈ રીતે કામ લઈ શકાય તે બાબતે ધારાસભ્ય મહેશભાઈ આજે તાલુકા પંચાયત કચેરી ખાતે મામલતદાર તાલુકા વિકાસ અધિકારી જીરા ગામના સરપંચ તેમજ તાલુકા પોલીસ અધિકારી અને સર્કલ ઓફિસર સાથે એક મીટીંગ યોજી જે લોકોનું ગૌચર ઉપર દબાણ સાબિત થયું છે તેમને સમજાવીને ખુલ્લું કરાવવાનો પ્રયાસ કરવો જો એ ન થાય તો કાયદાકી પ્રક્રિયાથી કામ હાથ ધરવાની ચર્ચાઓ કરવામાં આવી છે ત્યારે કસવાળાએ જણાવ્યું હતું કે સમગ્ર સાવરકુંડલા વિધાનસભા વિસ્તારમાં જ્યાં જ્યાં ગૌચરોના દબાણ છે તે દબાણને દૂર કરવા માટે તે ગામના સરપંચની રજૂઆતો આવશે તો તેમાં પ્રયાસો હાથ ધરવામાં આવશે અને માલધારીઓ અને ગાયોને પડતી મુશ્કેલીઓ દૂર કરવામાં આવશે.

---

**ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ**
પર્યાવરણ ભવન, સેક્ટર ૧૦ અ, ગાંધીનગર ૩૮૨૦૧૦
ટેલી. ૦૭૯-૨૩૨ ૩૨૧૫૨ ફેક્સ ૦૭૯-૨૩૨૨૨૭૮૪ www.gpcb.gujarat.gov.in

**Public Notice**

સીઆરઝેડ નોટિફિકેશન-૨૦૧૯ની જોગવાઈઓને આધીન બહાર પાડેલ માર્ગદર્શિકા અને કાર્યવાહી અનુસાર દરેક દરિયાકાંઠાના રાજ્ય સરકાર/SCZMA એ સંલગ્ન રાજ્ય માટેનો State Coastal Zone Management Plan તૈયાર કરવાનો રહે છે. રાજ્ય સરકારના વન અને પર્યાવરણ વિભાગે ગુજરાત ઇકોલોજી કમીશનને ગુજરાત રાજ્ય માટે CZMP તૈયાર કરવાની જવાબદારી સોંપી છે. હવે NCSCM, ચેન્નાઇ દ્વારા અમરેલી જીલ્લાનો ડ્રાફ્ટ પ્લાન તૈયાર કરી રજૂ કરેલ છે.

આ સાથે વધુમાં પર્યાવરણ (સંરક્ષણ) કાયદા ૧૯૮૬ માં નિયત કરેલ કાર્યવાહીને ધ્યાને લઇ રાજ્ય સરકારે CRZ Notification 2019 માં નિર્દેશ કર્યા મુજબ વન, પર્યાવરણ અને જળવાયુ પરિવર્તન મંત્રાલય, ભારત સરકારને Draft CZMPs જમા કરાવી મંજૂરી મેળવવાની રહે છે. તદાનુસાર, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને Public Consultation (પબ્લિક હિયરિંગ) કરાવવા માટે વિનંતી કરેલ છે.

તેને લીધે જાણ કરવામાં આવે છે કે **તાલુકા: રાજુલા/જાફરાબાદ**, જીલ્લો: **અમરેલી**, ની ડ્રાફ્ટ કોસ્ટલ મેનેજમેન્ટ પ્લાનની મંજૂરી અન્વયે લોકસુનાવણી આયોજીત કરવામાં આવેલ છે.

લોકસુનાવણીની પ્રક્રીયાના ભાગરૂપે ડ્રાફ્ટ કોસ્ટલ મેનેજમેન્ટ પ્લાન વિસ્તારનાં લાગતા વળગતા સ્થાનિક અસરગ્રસ્ત લોકોનું ધ્યાન દોરીને સદર લોકસુનાવણી દરમિયાન હાજર રહેવા અથવા તેઓની ટીકા-ટિપ્પણી લેખિતમાં લોકસુનાવણીની તારીખ પહેલા સભ્ય સચિવશ્રી, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને મોકલવા વિનંતી છે.

રસ ધરાવતી અન્ય વ્યક્તિઓને પણ તેઓની ટીકા-ટિપ્પણી લોકસુનાવણીની તારીખ પહેલા લેખિતમાં સભ્ય સચિવશ્રી, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને મોકલી આપવા વિનંતી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ડ્રાફ્ટ કોસ્ટલ મેનેજમેન્ટ પ્લાન અને પ્લાનનો સંક્ષિપ્ત અહેવાલ ગુજરાતી તેમજ અંગ્રેજી ભાષામાં નીચે દર્શાવેલ ઓર્થોરિટી/કાર્યાલયો ખાતે કામકાજના દિવસો દરમિયાન લોકસુનાવણીના દિન સુધી નિહાળી શકાશે.

**•ડ્રાફ્ટ કોસ્ટલ મેનેજમેન્ટ પ્લાન, સંક્ષિપ્ત અહેવાલ અંગ્રેજી તેમજ ગુજરાતી ભાષામાં તાલુકાઓના નામ સાથે, અને ગામોના નામ, સર્વે નંબર સાથેની સોફ્ટ કોપી વેબ સાઇટ પર ઉપલબ્ધ છે. વેબ સાઇટના નામ નીચે મુજબ છે.**

(1) www.gczma.gujarat.gov.in
(2) www.gec.gujarat.gov.in, & www.geciczmp.com
(3) www.gpcb.gujarat.gov.in

૧. જિલ્લા કલેકટરશ્રીની કચેરી, **અમરેલી.**
૨. જિલ્લા વિકાસ અધિકારીની કચેરી, **અમરેલી.**
૩. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, **અમરેલી.**
૪. તાલુકા વિકાસ અધિકારીની કચેરી, **તા. રાજુલા/જાફરાબાદ, જી. અમરેલી.**
૫. તલાટી, કમ મંત્રી/સરપંચની કચેરી, તા: **રાજુલા**, જી: **અમરેલી** ના ગામો:
**ભેરાઈ, ચાંચ, દાંતરડી, કડીયાળી, કાઠીવદર, ખેરા, કોવાયા, મજદાર, નીંગળા નં. ૧, પટવા, પીપાવાવ, રામપરા નં. ૨, સમઢીયાળા નં. ૧, વિક્ટર, વિસાળીયા.**
તલાટી, કમ મંત્રી/સરપંચની કચેરી, તા: **જાફરાબાદ**, જી: **અમરેલી** ના ગામો:
**બાબરકોટ, બલાણા, ભાંકોદર, ધારાબંદર, ધોલાટ્રી, જાફરાબાદ(મુ.), કડીયાળી, મીઠાપુર, મિતિયાળા, નાગેશ્રી, રોહિશા, વાઢેરા, વરાહસ્વરૂપ, શિયાળબેટ.**
૬. પ્રાદેશિક કચેરી, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, પ્લોટ નં. ૧૬૧૬/૧૬૧૭, સ્વસ્તિક કોમ્પ્લેક્ષ, પહેલો માળ, વીર મોખડાજી સર્કલ પાસે, ઘોઘા રોડ, ભાવનગર – ૩૬૪૦૦૧.

જિલ્લા કલેકટર/જિલ્લા મેજીસ્ટ્રેટ/ડેપ્યુટી કમિશ્નર અથવા તેઓના/તેણીના પ્રતિનિધિ કે જેઓ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટથી ઊતરતી કક્ષાનો ન હોય અથવા આ બાબતે તેઓ/તેણી દ્વારા અધિકૃત કોઇ અન્ય જીલ્લા કક્ષાના અધિકારીશ્રી સદર લોકસુનાવણીની પ્રક્રીયાની દેખરેખ અને અધ્યક્ષતા કરશે.
(નોંધ:- જો કોઇ પરિયોજના કે પ્રવૃતિ એક પેટા વિભાગના પ્રાદેશિક અધિકારક્ષેત્ર સુધી મર્યાદિત હોય તો, જિલ્લા કલેકટર/જિલ્લા મેજીસ્ટ્રેટ/ડેપ્યુટી કમિશ્નર સદર લોકસુનાવણીની પ્રક્રીયાની દેખરેખ અને અધ્યક્ષતા માટે સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટના દરજ્જાથી નીચેના ના હોય તેવા કોઈ પણ અધિકારીને વૈકલ્પિક રીતે અધિકૃત કરી શકશે).

લોકસુનાવણીની તારીખ. ૦૧/૦૩/૨૦૨૪ ના રોજ ૧૧:૦૦ કલાકે **કોન્ફરન્સ હૉલ, નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ કચેરી, નવી પ્રાંત કચેરી, હિંડોરણા બાયપાસ રોડ, રાજુલા – ૩૬૫૫૬૦, તા: રાજુલા, જી: અમરેલી** ખાતે આયોજીત કરવામાં આવેલ છે.

કોરોના વાયરસની વૈશ્વિક મહામારીને ધ્યાને રાખી સરકાર દ્વારા આપવામાં આવેલ કોવિડ-૧૯ માર્ગદર્શિકાનું પાલન કરવા લગતા વળગતા સૌને જણાવવામાં આવે છે.

સ્થળ: ગાંધીનગર
તા. ૨૨/૦૧/૨૦૨૪
જિમાક્ર/અમરે/જાહ/૨૩-૨૪

ડી.એમ. ઠાકર
સભ્ય સચિવ

---

# રાજુલાના ડોળીયા નજીક મહુવા - સુરત એક્સપ્રેસ ટ્રેન હડફેટે સિંહણને ઇજા



અમરેલી, અમરેલી જિલ્લામાં સિંહોની સંખ્યા સૌવથી વધુ જોવા મળી રહી છે પરંતુ હવે તેમની સુરક્ષા વધારવા જરૂરિયાત ઉભી થઇ છે વાંરવાર સિંહોના ટ્રેક ઉપર અકસ્માતો થવાની ઘટનાઓ વધી રહી છે આજે વધુ એક મોડી રાતે ઘટના બની હતી જેના કારણે વનવિભાગમાં દોડધામ મચી ગઇ હતી રાજુલા તાલુકાના ડોળીયા અને રિંગણીયાળા વચ્ચે રેલવે ટ્રેક ઉપર મહુવાથી સુરત પેસેન્જર એક્સપ્રેસ ટ્રેન પસાર થતી હતી તેવા સમયે આ ઘટના સામે આવી છે અહીં ફેંસિંગ હોવા છતાં સિંહણ ટ્રેક ઉપર આવી જતા હડફેટે આવતા ઈજાગ્રસ્ત થતા વનવિભાગને જાણ થતાં ઈન્ચાર્જ એસીએફ જી.એલ. વાઘેલા, રાજુલા આર.એફ. ઓ. યોગરાજ સીહ રાઠોડ, ડોકટર રેસ્કયુ ટીમ સહિત વનવિભાગનો મોટો કાફલો ઘટના ઘટનાસ્થળે પોહચી સિંહણનું પ્રથમ રેસ્ક્યુ ઓપરેશન કરી તાત્કાલિક સિંહણને સારવાર મળે તે માટે એનિમલ કેર સેન્ટરમાં ખસેડવામાં આવી છે




**સ્પે. કપલ ટુર - ફેમીલી ટુરનું સુંદર આયોજન**

કાશ્મીર શ્રીનગર | સિમલા - કુલ્લુ - મનાલી ડેલહાઉસી - અમૃતસર | ગોવા - મહાબળેશ્વર લોનાવાલા - ઇમેજીકા
રોયલ રાજસ્થાન | દિલ્હી - અક્ષરધામ - હરિદ્વાર ગોકુલ - મથુરા - આગ્રા | બનારસ - અલ્હાબાદ નેપાળ - પોખરા
બેંગ્લોર - મૈસુર - ઉટી - કન્યાકુમારી ત્રિવેન્દ્રમ - રામેશ્વર - તીરૂપતિ | કલકતા - ગંગાસાગર જગન્નાથપુરી - ભુવનેશ્વર
કેરાલા | લેહ લદાખ | દાર્જીલીંગ
દુબઇ - થાઇલેન્ડ - બાલી - સિંગાપોર - મલેશિયા - ક્રુઝ



પાસપોર્ટ માર્ગદર્શન • રેલ્વે બુકિંગ • ફલાઇટ બુકિંગ • વિઝા

**મિત્સ હોલીડેઝ**
બુકીંગ માટે સંપર્ક કરો... મો.૯૭૨૫૯ ૮૨૧૮૩
૭૫, ગ્રાઉન્ડ ફલોર, સરદાર કોમ્પલેક્ષ, જિલ્લા પંચાયત રોડ, અમરેલી

**ગુલાબી ઠંડીના માહોલમાં વાનગીઓ બનશે ચકાચક...**




**સોમનાથ બેસનનું નવુ નજરાણુ**
''સોમનાથ બ્રાન્ડ બેસન''
વણેલા ગાંઠીયા, ફાફડા તેમજ ખમણ માટે સ્પેશ્યલ
તેમજ અમૂલ બેસન
મારૂતિ બેસન
અવધ સ્પે. કરકરો
અમૂલ સ્પે. કરકરો
અમુલ બેસન તેમજ અમુલ કરકરો ૫૦૦ ગ્રામ તથા ૧ કિલો પેકીંગમાં ઉપલબ્ધ
દરેક રીટેલર તથા હોલસેલર પાસે ઉપલબ્ધ
**સોમનાથ બેસન ઇન્ડસ્ટ્રીઝ**
પ્લોટ નં.૮૨-૧, જી.આઇ.ડી.સી. અમરેલી
ફોન : ૨૪૦૧૧૧ / ૨૪૦૪૧૧ મો.૯૮૨૪૨ ૩૦૫૧૫

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત - ૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ
સંપર્ક: પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦



આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125

LED હેડલાઇટ
ટેલલાઇટ
ડિજીટલ મીટર
બ્લુટુથ કનેક્ટીવીટી
અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી
● ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
● સ્ટાર્ડ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
● માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ
યામાહા શોરૂમ
(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક : મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ મો. ૭૦૪૮૭ ૮૨૦૦૪



સત્યમેવજયતે
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
સૌરાષ્ટ્ર
પાના નં ૫
તા.૨૪-૧-૨૦૨૪ બુધવાર




રોયલ ફેબ્રીકેશન
ગ્રીલ, જાળી, દરવાજા, રજવાડી ગેટ, છાપરાનું કામ કરનાર તેમજ મજુરીથી કામ કરનાર
સંપર્ક :- ફૈસલ સુમરા
મો.૮૭૫૮૯ ૮૭૭૪૮ - ૬૩૫૧૭ ૧૪૮૩૬
ચાંદની ચોક, અમરેલી




BAJAJ FINSERV
આશાપુરા ફર્નીચર
માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૯) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧
૨૦૨૩ / ૨૪ ના અદ્યતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો
દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ


### વંડા પંથકના પીઢ સહકારી આગેવાન શ્રી મનજીભાઇ તળાવીયાએ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલને પત્ર પાઠવ્યો

# કુંડલા, લીલીયાના નોન પ્લાનના રસ્તાને મંજુરી આપો : શ્રી મનજીબાપા

**ગુજરાત સરકારે ગામડાઓનું સર્વે કરી નોન પ્લાનના રસ્તાઓને પ્લાનમાં લઇ રસ્તા પાક્કા બનાવા જરૂરી**

**વંડા, કોલડા, કલ્યાણપર, મોટા ચારોલીયા, ભેસાણ, લીલીયા, પીયાવા, હઠીલાવાવ, વાંસીયાળી, ભેકડા, વિજપડી, વનાળા, નવાગામ, દેદકડા હનુમાન, બવાળીક્રાંકચ રસ્તા પ્રશ્ને મુખ્યમંત્રીને રજુઆત કરાઇ**

**મોટાભાગના રસ્તાઓ ૨ થી ૫ કિમીના હોય છે આવા રસ્તાઓને સરકારનું મોટુ બજેટ પણ મળતું નથી**



વંડા, સાવરકુંડલા -લીલીયા તાલુકામાં અનેક લોકઉપયોગી રસ્તાઓ નોન પ્લાનમાં છે. આમાના કેટલાક રસ્તાઓ ધાર્મિક સ્થાનો સાથે જોડાયેલ છે. સરકારશ્રીનો દરેક ગામડાઓને શહેર તરીકેનો દરજજો આપવાનો શુભ અભિગમ છે. હાલમાં ગુજરાતમાં કેટલાક ગામો એવા છે કે જે ગામોને તાલુકા અથવા જીલ્લા મથકે જવા માટે એક જ રસ્તાથી જોડાયેલ છે. ગુજરાત સરકારે આવા ગામડાનો સર્વે કરી તેવા ગામડાઓને મળતા નોન પ્લાનના રસ્તાઓને પ્લાનીંગમાં લઈ પાકા બનાવવા જરૂરી છે. મોટા ભાગના રસ્તાઓ બેથી પાંચ કિલોમીટરના હોય છે. આવા રસ્તાઓ માટે કોઈ મોટું બજેટ બનતું નથી. ટુંકા બજેટમાં આવા રસ્તાઓ તૈયાર થાય તેમ હોય છે. નોન પ્લાનના રસ્તાઓ બનવાથી નાણાશકિત અને સમયનો વ્યય થતો અટકે છે. સાવરકુંડલા-લીલીયા તાલુકાના આવા નોન પ્લાનના રસ્તાઓ મંજુર કરવા લોકમાંગણી ઉઠયાનું મનજીભાઈ તળાવીયાની યાદીમાં જણાવાયુંછે. અને નોન પ્લાનના રસ્તાઓ બનાવવાની આવા ગામો વાહન વ્યવહારથી પણ સારી રીતે જોડાઈ શકે અને લોકોને ધાર્મિક સ્થળે અને એક ગામથી બીજા ગામ જવા આવવાની સરળતા રહે. આવા રસ્તાઓમાં વંડા, આકોલડા, કલ્યાણપર, મોટા ચારોડીયા, ભેંસાણ, લીલીયા, પીયાવા, હઠીલાવાવ, વાસીયાળી, ભેકરા , વિજપડી, વનાળા હનુમાનમંદિર, નવાગામ, ડેડકડા હનુમાન, બવાડી ,ક્રાંકચ જેવા રસ્તાઓ નોન પ્લાનમાં બનાવવા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને રજુઆત કરી છે.

### અયોધ્યા રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા અંતર્ગત

## જાફરાબાદમાં નર્મદા કોલોનીમાં ભગવાનશ્રી રામનાં વધામણા

**કંપનીનાં યુનિટ હેડ શ્રી અનિલ શુક્લાનાં માર્ગદર્શનમાં ભવ્ય રથયાત્રા યોજાઇ : શ્રી વર્મા તથા શ્રી ગર્ગ સહિત સૌ જોડાયાં**





રાજુલા, (કનુભાઈ વરૂ) જાફરાબાદ ખાતે અલ્ટ્રાટેક નર્મદા કોલોનીમાં રથયાત્રા રામલલાની જોવા અનેક લોકો આવ્યા જાફરાબાદ ખાતે કોલોનીમાં ગણપતિના મંદિરેથી અલ્ટ્રાટેક કંપનીના યુનિટ હેડ શ્રી અનિલ શુક્લાના માર્ગદર્શન તળે આજે કોલોની માંથી ભવ્ય રથયાત્રા ફેરવવામાં આવી હતી. આ રથયાત્રામાં તમામ પાસે શ્રી રામની ધજાઓ ડીજે વગેરે રામધૂન ગાતા ત્યારબાદ શ્રી ગણપતિના મંદિરેથી રથયાત્રા વિવિધ ટાઉનશીપ ની સોસાયટીઓમાં ફરી અને મંદિરે સમાપ્ત થઈ હતી આ રથયાત્રામાં કંપનીના એસઓડી શ્રી વિકાસ વર્મા તથા શ્રી વિકાસ ગર્ગ તેમજ કંપની સ્ટાફ કર્મચારીઓ વગેરે રથયાત્રામાં જોડાયા હતા અને ગણપતિને મંદિરે રથયાત્રા પૂર્ણ થઈ હતી.

## સાવરકુંડલા શ્રી લાલધામ ગૌશાળામાં ખાતમુહુર્ત કરાયું

**સદગુરૂશ્રી હસુબાપુની નિર્વાણ તિથીએ સંતવાણી કાર્યક્રમ યોજાયો**





સાવરકુંડલા, સાવરકુંડલા શ્રી લાલધામ ગૌશાળા ખાતે તા. ૧૧ જાન્યુ.૨૪ ના રોજ સતગુરુશ્રી હસુબાપુની નિર્વાણતિથિ નિમિત્તે અને લાલધામ આશ્રમના નવનિર્મિત ગૌશાળાના લાભાર્થે સંતવાણી, જમા જાગરણ પાટોત્સવ તથા ભગવાનશ્રી રામદેવજી મહારાજ અને ભક્ત શિરોમણી માઁ ડાલીબાઈ માતાજીનાં નિજ મંદિરનું ખાતમુર્હુત કાર્યક્રમ વિશ્વ વંદનીય પૂજ્ય મોરારીબાપુ તથા જૂનાગઢ પ્રેરણાધામ આશ્રમના મહંતશ્રી લાલજી મહારાજનાં સાનિધ્યમાં સંપન્ન થયો હતો. આ કાર્યક્રમમાં પૂજ્ય મોરારીબાપુએ પોતાનો રાજીપો વ્યક્ત કર્યો હતો અને પૂજ્ય લાલબાપા તથા પૂજ્ય હસુબાપુ સાથેના સંસ્મરણો વાગોળ્યા હતા અને જણાવેલ 'તમામ જ્ઞાતિમાંથી સાધુ હોઈ શકે, પરંતુ સાધુની કોઈ જ્ઞાતિ ન હોઈ શકે', જે બાદ તેમણે ભગવાન શ્રી રામદેવજી મહારાજ, ભક્ત શિરોમણી માં ડાલીબાઈ માતાજીના નિજ મંદિરનું ખાત મુર્હુત તથા પાટોત્સવની જ્યોત પ્રજ્વલિત કરી હતી. ગિરનાર સિદ્ધ ભૂમિ પ્રેરણાધામના મહંતશ્રી લાલજી મહારાજે આ તબક્કે પોતાની પ્રસન્નતા વ્યક્ત કરી હતી. જ્યારે માનવ મંદિર સાવરકુંડલાનાં શ્રી ભક્તિરામ બાપુ, હાથીજણ અમરધામ શ્રી ભરતબાપુ, શ્રી દિલુબાપુ, અલખપુરી જૂનાગઢ મહામંડળેશ્વર ૧૦૦૮ ગોવિંદગીરીજી સહીત અન્ય સંતો મહંતો અને જતી સતી અને ભાવિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા. આ નિમિતે યોજાયેલ સંતવાણી કાર્યક્રમમાં સાધ્વી જયશ્રી દાસજી માતાજી તથા શ્રવણદાસજીએ અને લાલધામ આશ્રમના મહંતશ્રી ચંદ્રિકાબહેનજી ગુરુમુખી સંતવાણી જ્યારે લોક સાહિત્ય કાર રમેશભાઈ મકવાણાએ લોક સાહિત્યની સરવાણી વહેતી મૂકી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન શ્રી ઉમેશભાઈ ચાવડા દ્વારા કરાયું હતું. જ્યારે લાલધામ આશ્રમના વિશાળ સેવકગણે ત્રિવિધ કાર્યક્રમને આસ્થાપૂર્ણ માણ્યો હતો. આખાય કાર્યક્રમને સફળ બનાવવા લાલધામ આશ્રમના મહંત શ્રી ચંદ્રિકાબહેનજી ગુરુશ્રી હસુબાપુની દેખરેખ હેઠળ સુપેરે સપન્ન થયો હતો.

## મોરંગીમાં રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા ઉજવાઇ

**શોભાયાત્રા દરમિયાન હિન્દુ-મુસ્લિમ કોમી એકતાના દર્શન**

રાજુલા, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના મોરંગી ગામમાં રામલ્લાની મૂર્તિની મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા નિમિત્તે સમગ્ર ગામ લોકો દ્વારા ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી, મુસ્લિમ સમાજે શોભાયાત્રાનું સ્વાગત કર્યું ત્યારે શોભાયાત્રા દરમ્યાન હિન્દુ-મુસ્લિમ કોમી એકતાના પણ દર્શન થયા હતા. મુસ્લીમ સમાજના આગેવાનો દ્વારા અને ગામ સમાસ ચા, પાણી તથા પ્રસાદીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ અવસરે ગામના સ્થાનિકો સહીત આગેવાનો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા, ત્યારે જન્માષ્ટમીના પાવન પર્વે મોરંગી ગામમાં હિન્દુ-મુસ્લિમ ભાઈચારાનું ઉદાહરણ જોવા મળ્યું હતું.

## જુનાગઢમાં પોલિસે ૫૩ બોટલ ઈંગ્લીશ દારૂ ઝડપી પાડયો



જુનાગઢ, (હિતેશ પારેખ) જુનાગઢ એ ડિવિઝન પોલિસના પી.આઈ.વી.જે. સાવજની સુચના મુજબ ગુન્હા નિવારણ યુનિટના પી.એસ.આઈ. ઓ.આઈ. સીદી તથા પોલિસ સ્ટાફે નીચલા દાતાર પાસે રહેતા અલીઉર્ફે બબલુ રફીકભાઈ મકરાણીએ પડતર સંડાસ બાથરૂમમાં ઈંગ્લીશ દારૂનો જથ્થા વેચાણ કરવા સંતાડેલ હોય. ત્યાં રેઈડ પાડી ઈંગ્લીશ દારૂ ૫૩ બોટલ રૂ/. ૨૫,૪૬૦ નો મુદામાલ કબ્જે કરેલ. જયારે રેઈડ દરમ્યાન આરોપી હાજર મળી આવેલ નહતો.

## તરવડા ગુરૂકુલના ૧૧૨૧ વિદ્યાર્થીઓએ ઉપવાસ કર્યા

**રામ પુજન સાથે ૨ હજાર દિવડા પ્રગટાવ્યા : મહાઆરતી યોજાઇ**



અમરેલી, તા. ૨૨/૧ ના રોજ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ તરવડાના દિવ્ય પ્રાંગણમાં અયોધ્યામાં પ્રભુ શ્રીરામની પ્રાણ પ્રતિષ્ઠાનો દિવ્ય આનંદ ઉત્સવ ઉજવાયો. જેમાં ભગવાન શ્રી રામનું ષોડશોપચાર પૂજન થયું. અને જયારે એકસાથે ૨૦૦૦ જેટલા દીવડાઓ પ્રગટાવી ગુરુકુલના સંતો, શિક્ષકો અને વિદ્યાર્થીઓએ પ્રભુશ્રી રામની આરતી ઉતારી ત્યારે આખુય વાતાવરણ દીવડાઓની રોશનીથી ઝળહળી ઉઠ્યું હતું. આ પ્રસંગે મંચ પર પ્રભુ આગળ બાલ વિદ્યાર્થીઓ દ્વારા સુંદર પ્રવચનો, નૃત્યો અને રાસ પ્રસ્તુત થયા. આ ઉપરાંત પૂ. કૃષ્ણપ્રિયદાસજી સ્વામીએ વિદ્યાર્થીઓને સંબોધી પ્રભુશ્રી રામ કેમ રાજી થાય તેની સુંદર ભલામણો કરી હતી. રામ પ્રતિષ્ઠા પ્રસંગે માન. શ્રી નરેન્દ્રમોદી ૧૧ ઉપવાસ કર્યા અને ગુરુકુલના ૧૧૨૧ વિદ્યાર્થીઓએ નકોરડા ઉપવાસ કર્યા એ બદલ શુભાશિષ પાઠવેલ.

## વિજપડી ગામે જીનીંગ પ્રેસની ખાલસા થયેલ જમીનમાં વાદીનો દાવો નામંજુર

વિજપડી, સાવરકુંડલા તાલુકાના વિજપડી ગામે જીંનીગ પ્રેસની ખાલસા થયેલી જમીન પૈકી ત્રણ રૂમનો દિવાની દાવો જે તે સમયે અમરેલી કોર્ટમાં ૧૧૮/૧૭ નંબરથી દાખલ થયેલ. જે દાવો સાવરકુંડલા કોર્ટ ટ્રાન્સફર થતા અત્રેના પ્રિન્સિપલ સિવિલ જજ દશરથસિંહ જે. પરમારે વાદીનો દાવો નામંજુર કરેલ છે. જે અંગેના જજમેન્ટની નકલ સાથે પુર્વ સરપંચ યાકુબભાઈ રસભર્યાએ સાવરકુંડલા યાર્ડના ચેરમેન દિપકભાઈ માલાણીને મળીને વિજપડી ખાતે સબયાર્ડ શરૂ કરવા જણાવ્યું હતું. સાવરકુંડલા યાર્ડ દ્વારા વિજપડીમાં સબયાર્ડ શરૂ કરવા ઠરાવ કરીને જમીન સંપાદન કરવા સર્વે ચાર્જ ભરીને કાર્યવાહી શરૂ કરેલ. પરંતુ વિક્ષેપ આવતા સબયાર્ડની કામગીરીમાં વિલંબ થયો હતો. જે બાબતે આગળની કાર્યવાહી કરી વહેલાસર વિજપડીમાં સબયાર્ડ શરૂ કરવા પુર્વ સરપંચ યાકુબભાઈ રસભર્યાએ જણાવ્યું છે.

## રાણપરમાં શ્રીરામની શોભાયાત્રા નીકળી



રાણપર, (નરેશ દેશાણી) બાબરા તાલુકાનાં રાણપર ગામે ભગવાન શ્રી રામ ની શોભાયાત્રા નીકળી હતી જેમાં નકલંક દેવગી આશ્રમ થી સવારના ૯ વાગ્યે રામ રથયાત્રા એ પ્રસ્થાન કયૃ હંતૃ અને રામ ના વસ્ત્રો પરિધાન કરીને બાળકો ને તૈયાર કરવામાં આવ્યો હતા જય શ્રી રામના નાદ સાથે આખું રાણપર ગામ રામમય બન્યું હતું રામ મૃતિ પ્રતિષ્ઠાને લઈ સમગ્ર ગામમાં રંગોળી દીપ પ્રાગટ્ય ફટાકડા ફોડી મુતિ પ્રતિષ્ઠાની ઉજવણી કરવામાં આવી હતી રામજી મંદિરમાં અન્નકુટ ધરવામાં આવ્યું હતું.

### વાતો નહિ પણ હકીકત બનાવતા ધારાસભ્ય હીરાભાઇ સોલંકી

## શિયાળબેટમાં નવી જેટી બનાવવા ખાતમુર્હુત કરાયું

**બોટ માટેનું પ્લેટફોર્મ અને જેટી સહિત ૧૫ કરોડના વિકાસ કામો કરાશે : આગેવાનોની ઉપસ્થિતિ**



જાફરાબાદ, (ફિરોજ પઠાણ) ગુજરાત સરકાર દ્વારા મંજૂર થયેલ કામો જેવાકે શિયાળ બેટ વિસ્તારમાં જેટી, તેમજ કામનાથ મહાદેવ મંદિર ની સામે ચોમાસામાં બોટો ચડાવવા માટે પ્લેટફોર્મ, અંદાજે ૧૫ ( પંદર કરોડ) ના કામો નું ખાતમુહૂર્ત માનનીય શ્રી હીરાભાઈ સોલંકી, ધારાસભ્ય શ્રી ના વરદહસ્તે કરવામાં આવ્યું, આવતા દિવસોમાં હજુ પણ કરોડો રૂપિયાના કામો મંજૂર થવાનાં છે, જે માટે માનનીય શ્રી હીરાભાઈ સોલંકી પ્રયત્નો કરી રહ્યાં છે, આ તકે ખારવા સમાજના પ્રમુખ શ્રી ભગુભાઈ સોલંકી, જીલ્લા યુવા ભાજપ ના પ્રમુખ શ્રી ચેતનભાઈ શિયાળ, માજી પટેલ શ્રી રામભાઈ સોલંકી, છનાભાઈ બારૈયા, મનોજભાઈ ચુડાસમા, સેન્ટર એડવાઝરી કમિટી મેમ્બર (ભારત સરકાર) તેમજ ખારવા સમાજના પટેલ શ્રી કનૈયાલાલ સોલંકી, વગેરે મોટી સંખ્યામાં આગેવાનો હાજર રહ્યા

### માળીલા ગામે આદર્શ ઉદાહરણ પુરૂ પાડ્યું

## ગામની દલિત બાળાઓએ ભોજન પીરસ્યું અને શ્રી દિલીપ સંઘાણી સાથે સમગ્ર ગામે ભોજન કર્યું

**સમરસ સમાજની રચનાનો ઉત્કૃષ્ટ પ્રયાસ કરાયો**



અમરેલી, અયોધ્યામાં આજે જયારે ભગવાન શ્રીરામ પોતાના નિજ મંદિરમાં બિરાજમાન થવાના છે ત્યારે અમરેલીના માળીલા ગામ સમસ્ત ભોજન ભજન સાથે રામજી મંદિર પૂજન અને પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા થયેલ શ્રી રામની પ્રાંણપ્રતિષ્ઠા મહોત્સવ વર્ચ્યુઅલી નિહાળી સમગ્ર ગામ સાથે ઈફ્કો ગુજકોમાસોલ ચેરમેન શ્રી દિલિપભાઈ સંઘાણી ને ગામની દલિત બાળાઓ દ્વારા જ ભોજન પીરસવા ની અદભુત ક્ષણના દર્શન કરાવી સમરસ સમાજની રચનાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પુરૂ પાડેલ હતું

## ચમારડીમાં રૂા. ૧.૧૬ કરોડના ખર્ચે બની રહેલા સુવિધા પથની મુલાકાતે પૂર્વ ધારાસભ્યશ્રી ઠુંમર

**શ્રી ઠુંમર દ્વારા વર્ષ ૨૦૨૦-૨૧માં સુવિધા પથ મંજુર કરાવેલો**



બાબરા, લાઠી બાબરા મતવિસ્તારના પૂર્વ ધારાસભ્ય વિરજીભાઈ ઠુંમર દ્વારા વર્ષ ૨૦૨૦-૨૧ માં ચમારડી, વલારડી, ધુધરાળા, સુખપુર, જીવાપર ગામોમાં અંદાજીત ૪.૫૦ કરોડના ખર્ચે સુવિધાપંથ મંજૂર કરાવેલ હતા જેની કામગીરી શરૂ થતા ચમારડી અને વલારડી રોડનું જાત નિરીક્ષણ કર્યુ પૂર્વ ધારાસભ્ય વિરજીભાઈ ઠુંમર દ્વારા કોન્ટ્રાકટરને કામગીરી સારી ગુણવત્તા સાથે કરવા સૂચન કર્યુ તેમજ તેમના કારીગર દરમિયાન લાઠી બાબરાના નોન પ્લાન રસ્તાઓ જેવા કે ચમારડી ઘુઘરાણા હાથીગઢ અમરવાલપુર તેમજ અન્ય અને બીજા નાળા પુલિયા તેમ સુવિધા પથ અન્ય એસારના કામો તેમજ રાજ્ય ધોરીમાર્ગના કામો અન્ય આયોજન અને જુદી જુદી ગ્રાન્ટના કામો તાત્કાલિક શરૂ કરવા રસ્તાઓ જે મંજુર થયા છે તે તાકીદે શરૂ કરવા અધિકારીઓને સૂચના આપી હતી સાથે આ તકે કોંગ્રેસના તાલુકા પંચાયત પૂર્વ સદસ્ય કુલદીપભાઈ બસિયા અને તાલુકા કોંગ્રેસ પ્રમુખ જસમતભાઈ ચોવટિયા, લખુભાઈ બસિયા, લાલભાઈ બસિયા વશરામભાઈ મકતપરા નટુભાઈ મકતપરા ભવનભાઈ અસલાલીયા સહિત ગામના આગેવાન ઉપસ્થિત રહ્યા હતા..

# લીલીયાના પીપળવામાં વિમા સહાય અપાઇ

## ક્રિષ્ના ક્રેડિટ સોસાયટી દ્વારા વારસદારોને ચેક અપાયો



લીલીયા, (મહેશ દવે)આજરોજ તા ૧૯ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ શ્રી ક્રિષ્ના ક્રેડિટ કો-ઓપરેટીવ સોસાયટી ના સભાસદ અને પીપળવાના રહીશ રામકુભાઈ ઘુસાભાઈ ડેરનું તા.૦૯/૧૧/ ૨૦૨૩ ના રોજ દુઃખદ અવસાન થતાં, તેમને સંસ્થા તરફથી રૂ. ૨૫,૦૦૦/- નો વીમા સહાય નો ચેક સંસ્થાના ચેરમેન શ્રી નીતિનભાઈ ત્રિવેદી તથા ડિરેક્ટર વિપુલભાઈ પ્રતાપભાઈ ડેર દ્વારા એમના વારસદાર ધ્રુવીનભાઈ રામકુભાઈ ડેરઅને પરિવારને અર્પણ કરવામાં આવેલ છે.

# વારાહસ્વરૂપની પ્રાથમિક શાળાનો પ્રવાસ યોજાયો



રાજુલા, શ્રી વારાહસ્વરૂપ પ્રાથમિક શાળા - અમરેલીમાં શૈક્ષણિક કાર્યની સાથોસાથ અનેકવિધપ્રવૃત્તિઓઅનેકાર્યક્રમોવડેબાળકોના જીવન ઘડતર તથા બાળકોને પ્રત્યક્ષ જ્ઞાન મળે એવાસતતપ્રયત્નોકરવામાંઆવેછે. જેઅંતર્ગત તારીખ ૧૬/૦૧/૨૦૨૪નેમંગળવારનારોજ શાળામાં શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યુંહતું. સૌરાષ્ટ્ર (ગુજરાત)નાઆપ્રવાસમાં શાળાના ૧૧૦ જેટલા બાળકો આનંદ સાથે જોડાયા હતા. આ પ્રવાસ માટે ગામના સજ્જનો ભરતભાઈ શિયાળ, જેરામભાઈ ચાવડા, જાદવ રવજીભાઈ, દેવાભાઇ બારૈયા તથા શિક્ષકશ્રી સંજયભાઈ બારૈયા દ્વારા નાણાકીય મદદ કરવામાં આવી હતી જેથી શાળા પરિવાર દ્વારા તમામનોહૃદયપૂર્વકઆભાર માનવામાંઆવ્યો હતો.આપ્રવાસથકીશ્રીવારાહસ્વરૂપપ્રાથમિક શાળા-અમરેલીપરિવારમાંઆનંદનુંવાતાવરણ જોવા મળ્યુંહતું.

# નવોદયની પરિક્ષામાં ત્રણ વિદ્યાર્થીઓને સમયસર પોલીસે પહોંચાડયા





ખાંભા,ખાંભા શહેરમા આજરોજ જવાહર નવોદયવિદ્યાલયનીપ્રવેશપરિક્ષા યોજાયેલહતી. જેમાં ખાંભા પોલીસે બંદોબસ્ત દરમિયાન ત્રણ વિદ્યાર્થિનીઓનેતેનાંવાલીભુલથીજે.એન.મહેતા હાઈસ્કૂલખાતેપરીક્ષાઆપવામાટેઉતારીજતા રહેલ. પરંતુવિદ્યાર્થીઓનેપરીક્ષાઆપવામાટેનુ કેન્દ્ર બીજુ હતું અને વિદ્યાર્થીઓએ પરિક્ષા કેન્દ્ર જોયેલ નહોવાથીખાંભાપોલીસસ્ટાફદ્વારાત્રણેય વિદ્યાર્થિનીઓનેબાઈકપરબેસાડીતેમનાંક્રિષ્ના સ્કૂલ ખાતે પોતાના પરિક્ષા કેન્દ્ર સમયસર પહોંચાડીઆમખાંભાપોલીસદ્વારાસરાહનીય કામગીરી કરવામા આવી હતી.

# સાવરકુંડલામાં સીપીઆર તાલીમ અપાઇ



સાવરકુંડલા,આજરોજ સાવરકુંડલા ટાઉનપોલીસસ્ટેશન રેપિડએક્શનફોર્સ દ્વારા સાવરકુંડલાની કે.કે હાઈસ્કૂલમાં વિદ્યાર્થીઓને સીપીઆર ટ્રેનિંગ અને સોશિયલ વર્કર પબ્લિક વેલ્ફેર સ્કીમ બેટી બચાવો બેટી પઢાવો સ્કીમ સ્વસ્થ ભારત અભિયાન તથા કુપોષણ થી બચવા માટે ના ઉપાયો જેવી સરકારી સ્કીમને સમજાવી સાથે મળી સ્વસ્થ ભારત અંતર્ગત તમામ કાર્યો કર્યા તેમજ ૨૨મી જાન્યુઆરી રામ જન્મભૂમિ અયોધ્યા સબ સંવેદનાશીલ વિસ્તારોમાં ફૂટ પેટ્રોલિંગ તેમજ ફ્લેગ માર્ચ તેમજ સંવેદનશીલવિસ્તારોનીમુલાકાતલીધેલી હોય સમગ્ર કાર્યક્રમ સાવરકુંડલા ટાઉન પોલીસસ્ટેશનપી.આઈ. શ્રીએસ.એમ. સોની માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ હતું

# જાફરાબાદના પત્રકાર ફીરોજ પઠાણનો આજે જન્મદિવસ

## શ્રી પઠાણ ઉપર શુભકામનાઓનો ધોધ



જાફરાબાદ,

જાફરાબાદના અવધ ટાઈમ્સનાયુવાનપત્રકાર શ્રીફીરોજપઠાણનો આજેજન્મદિવસછે તેમના જન્મદિવસે સગા સ્નેહીઓ મિત્રો અને સોશ્યલ મિડીયાના માધ્યમથી આજે શુભકામનાઓનો ધોધ વહેતોથશે શહેર જિલ્લામાં બહોળુમિત્ર વર્તુળ ધરાવતા ફીરોજભાઈને હિંદુ મુસ્લિમ આગેવાનોએપણશુભકામનાઓપાઠવીખુશી વ્યક્ત કરી છે.

# વિજપડીમાં અયોધ્યા રામ મંદિર પ્રાણપ્રતિષ્ઠા પ્રસંગ ઉજવાયો

વિજપડી, (સમીર ખોખર)વિજપડીમાં તા.૨૨-૧ ના અયોધ્યા રામમંદિર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. સુખનાથ મહાદેવ મંદિર બ્રાહમશેરીમાં શ્રીરામરક્ષા સ્ત્રોતનું યજ્ઞ , આચાર્ય શૈલેષભાઈ ત્રિવેદી, જતીનભાઈ ત્રિવેદી દ્વારા કરાવામા આવેલ. બપોરના બટુક ભોજન, હનુમાન ચાલીસા તેમજ બપોરે અને સાંજે આરતી, રંગોળી, ફુલોનો શણગાર , દિવડાઓનું શુસોભન જેવા કાર્યક્રમો યોજાયા હતા.

# બગસરામાં શાંતિ સમિતિની બેઠકમાં પોલીસે પત્રકારોને દુર રાખ્યા

બગસરા, (સમીર વિરાણી)બગસરામાં પોલીસદ્વારા બગસરા પોલીસ સ્ટેશનમાં શાંતિ સમિતિની બેઠકમાં પત્રકારો તથા અમુકઆગેવાનોજાણ ન કરતા નારાજગી જોવા મળી હતી અગાઉ પણ સ્વામિનારાયણ મંદિર ઉત્સવ તથા મકરસંક્રાંતિ દરમિયાન શાંતિ સમિતિની બેઠક પોલીસ દ્વારા બોલાવવામાં આવી હતી જેમાં અમુક જ આગેવાનોને બોલાવવામાં આવ્યા હતા. જેમાં પત્રકારોને તથા અમુક આગેવાનોને આ બાબતની કોઈ જાણ જ કરવામાં આવેલ નહતી. જોકે શાંતિ સમિતિની બેઠકનો અર્થ એવો હોય કે શાંતિનો સંદેશો આપવા માટે શાંતિપૂર્ણ રીતે કોઈપણ તહેવાર ભાઈચારાથી મનાવવામાં આવે છે પરંતુ પોલીસદ્વારાઅમુકઆગેવાનોપત્રકારોને જાણ ન કરાતા નારાજગી જોવા મળી હતી.

# બોટાદમાં કતલખાના બંધ કરવા આવેદન અપાયું



બોટાદ,આજે તા,૨૨,૧,૨૦૨૪ ના રોજ ગૌરક્ષકસમિતિનાગુજરાતરાજ્યનાઉપાધ્યક્ષ તથા ગુજરાત પ્રદેશ સંગઠન મંત્રી તરીકે ની બેવડી જવાબદારી સંભાળી જીવના જોખમે માનદ સેવા આપતા બોટાદ ના સામતભાઈ જેબલીયા દ્વારા બોટાદ કસાઈવાડામા, ,ખાટકીવાસમા,,સરપ્રાઈઝ ચેકિંગ કરેલ આ ચેકિંગવખતે બોટાદ નગર પાલીકાના સેનેટરી ઈન્સપેકટર શ્રી હાર્દિકભાઈ જોષી તથા સેનેટરીઈન્સપેકટરદેવેન્દ્રભાઈ પ્રજાપતિ પણ ઉપસ્થિત રહેલ શહેર જીલ્લા માં કતલખાના બંધ રાખી માસ મટન ઈન્ડા ના વેપાર ઉપર સંપૂર્ણ પ્રતિબંધ લગાવવા તા,૧૯,૧,૨૪,ના બોટાદ મામલતદારશ્રી ને આવેદનપત્ર આપેલ તેમ બોટાદ ના ગૌરક્ષક સામતભાઈ જેબલીયા ની યાદીમાં જણાવે છે .

# રાજુલાના યુવા પત્રકાર નો આજે જન્મદિવસ



રાજુલા, યુવા પત્રકાર દુષ્યંત ભટ્ટનો આજ જન્મદિવસછે. રાજુલાતાલુકાપત્રકાર એકતા સંગઠનના ઉપપ્રમુખ તરીકે સફળતાથી ફરજ નીભાવતા દુષ્યંતદાદા નો આજે જન્મદિવસ છે.પત્રકારની કારકિર્દીની શરૂઆત કરી. પત્રકાર ક્ષેત્રે બહોળો અનુભવ ધરાવતા દુષ્યંત ભટ્ટ સત્યની સાથે રાજુલા વિસ્તારના સચોટ સમાચાર પ્રકાશિત કરવામાં અગ્રેસર રહ્યા છે અને રાજુલા પંથકમાં પ્રજાલક્ષી પ્રશ્નો અને સમસ્યાઓને ઉજાગર કરી સતત પ્રયત્નશીલ રહેતા દુષ્યંતદાદાના જન્મદિને શુભકામન ાઓનો ધોધ વહેતો થયો છે.

# ગાંધીનગર ખાતે જિલ્લા કક્ષાના માસ્ટર ટ્રેઈનર્સનો રાજ્યકક્ષાનો તાલીમ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર,

EVM-VVPAT, મતદાન મથકો, પોસ્ટલ બેલેટ, પોલીંગ સ્ટાફ, ખર્ચ નિરિક્ષણ અને આદર્શ આચારસંહિતા સહિતની બાબતો અંગે વિસ્તૃત તાલીમ આપવામાં આવીઆગામી લોકસભાની સામાન્યચૂંટણીની પૂર્વતૈયારીઓના ભાગરૂપે ગાંધીનગર ખાતે જિલ્લા કક્ષાના માસ્ટર ટ્રેઈનર્સનોરાજ્યકક્ષાનોબેદિવસીયવર્કશોપ યોજાયો હતો.

# ગોઢાવદર માં નૂતન મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો





ગોઢાવદર, (ભરત વિંઝુડા) ગોઢાવદર લીલીયાના ગોઢાવદર મા નૂતન મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે રામજી મંદિરે (ગામનો ચોરો) થી શોભાયાત્રા આખા ગામના મુખ્યદ્વારમાં કાઢવામાં આવી હતી.શ્રી રામ જયરામ અને રામ અયોધ્યામાં આવ્યા સરસ મજાના ગીતો ગવાયા હતા.ઢોલ અને શરણાઈ થી ગોઢાવદર ગામ ગુંજી ઉઠ્યું હતું. ગામના તમામ ગામલોકો અને વડીલો શોભાયાત્રામાં જોડાયા હતા. અયોધ્યામાં શ્રી રામ પ્રભુનો ઉત્સવ હોય તેવો આનંદ આજે ગોઢાવદર માં જોવા મળેલ મુખ્ય માર્ગ અબીલ ગુલાલ અને શણગારથી,રંગોળી,સાથીયા થી શુશોભીતકરવામાઆવેલ,અનેતા. ૨૦/૨૧/૨૨ એમ ભગવાન શ્રી રામ પ્રભુને ત્રી દિવસીય પ્રોગ્રામ રાખવામાં આવેલ,અનેતેમના ગામના સરપંચશ્રી, હિમતભાઈ ગજેરા,ચિમનભાઈ ગજેરા, સુરેશભાઈ ગજેરા,ધનસુખભાઈ નારોલા, ઘનશ્યામભાઈ કથીરીયા, વિજયભાઈ ગજેરા, રાજેશભાઈ ગજેરા, પ્રવિણભાઈ હિરપરા, ગોકળબાપા, કાળુભાઈ ગજેરા અને ભરત વિંઝૂડા વિગેરે હાજર રહ્યા હતા, અને હોમાત્મકહવનરાખવામાઆવેલશાસ્ત્રીવિપુલ દાદા તેમા ગામ લોકોએ લાભ લીધેલ

# ફતેપુરમાં શ્રીરામ ઉત્સવ ઉજવાયો : મહાઆરતી યોજાઇ



ફતેપુર (સતિષ રાઠોડ)

તા. ૨૧અને ૨૨ નારોજ અમરેલીના ફતેપુરમાં રામ ઉસ્તવમાં શ્રી ભોજલરામ બાપાના મંદિરે મંગલઆરતીકરીઉજવણીકરવામાંઆવીજેમાં ફતેપુર ગામના લોકો બોહળી સંખ્યામાં હાજર રહી સોભાને દીપાવી હતી જેમાં લોકો ને એવું અહેસાસ થયો હતો કે જયારે શ્રી ભોજલરામ બાપા વખતે શ્રી કુર્ષણ ભગવાન ખુદ ફતેપુર ભોજલધામનીમાલિપાઆવીનેકુમકુમપગલી પાડી અને શ્રી ભોજલરામ બાપા ને દર્શન આપીયા તેવીજ રીતે આજે શ્રી રામપ્રભુ ફતેપુરમાં આવયા હોય એવો સવના રદયમાં ઔલાસજોવા મળીઓહાતોતેમજભોજલરામ બાપાની જગીયાના મહંત શ્રી ભગતિરામબાપુના વર્ધસતે આરતી કરવામાં આવી હતી અને રાસ ગરબાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું જેમાં ફતેપુર ગામની મહિલાઓ અને નાની નાની બાળાઓ રાસ ગરબા લાઈ આનંદથી શ્રી રામલલા ના આગમનના વધામણા કરિયાહતા.

# મોણવેલ પ્રા. શાળાએ ખેલમહાકુંભમાં ઇતિહાસ સર્જયો



બગસરા, (રૂપેશ રૂપારેલીયા)ખેલ મહાકુંભ ૨૦૨૩ ની ધારી તાલુકા કક્ષામાં મોણવેલ અવ્વલ નંબરે ધારી જી.એન.દામાણી શાળામાં યોજાયેલ તાલુકા કક્ષાના ખેલ મહાકુંભમાં મોણવેલ પ્રાથમિક શાળાના ખેલાડીઓ લગભગ તમામ સ્પર્ધામાં ૧ થી ૩ નંબર મેળવ્યા. જેમાં અન્ડર ૧૪ કબડ્ડીમાં ભાઈખો તેમજ બહેનો પ્રથમ નંબરે. અંડર ૧૪ ખોખોમાં ભાઈખઓ તેમજ બહેનો બીજા નંબરે રહેલ. આ ઉપરાંત એથ્લેટિક્સમાં ૫૦ મીટર, ૨૦૦ મીટર, ૪૦૦ મીટર, ૬૦૦ મીટર, ૧૫૦૦ મીટર દોડમાં ઘણા ખેલાડીઓ ૧ થી ૩ નંબર મેળવેલ છે.ચક્રફેકમાં અંડર ૧૪ માં ભાઈઓ તેમજ બહેનોએ ૧ થી ૩ મેળવ્યા. ગોળા ફેંક માંપ્રથમ તેમજ ઊંચીકૂદ,લાંબીકૂદ, વં.ફા.કૂદ માંપણ ૧ થી ૩ નંબર મેળવેલ. બ્રોડજેપ અંડર -૧૧ ઈલેવનમાંપ્રથમ તેમજ ત્રીજો. ૫૦ મીટર દોડમાં પ્રથમ આમ તમામ સ્પર્ધાઓમાં જીત મેળવી શાળા તથા ગામનું નામ રોશન કરી ગૌરવ વધારેલ છે. આ તકે ગામના સરપંચ શ્રી જેનીલ ડાવરા એ શાળા તથા શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતાં.

# માત્ર દોઢ વર્ષના ધિયાંશમાં ભગવાન રામજીના સ્વરૂપની ઝાંખી



જુનાગઢ, જ્યારે આખું ભારત વર્ષ રામમય બન્યું હતું ત્યારે ધિયાંશ ભાવિકભાઈ મૂળિયા ને તેમની માતા દ્વારા બાળ રામ ભગવાનના સ્વરૂપ માં તૈયાર કરવામાં આવ્યોહતો જ્યારે ધિયાંશ બાળ રામજીના સ્વરૂપમાં બહાર આવ્યા ત્યારે દિવ્ય સ્વરૂપના દર્શન થતા હતા શોભાયાત્રા થી માંડી અનેક જગ્યાએ ધિયાંશ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા ધિયાંશ ઉંમર માત્ર દોઢ વર્ષ ની જ છે.

# અમરેલીનાં ધરમનગરમાં ઘરફોડ ચોરીનાં આરોપીને ઝડપી લીધો

અમરેલી,અમરેલી સીટી પો.સ્ટે. પાર્ટ-છ ગુ.ર.નં.૧૧૧૯૩૦૦૩૨૩૦૮૪૧/૨૦૨૩, આઈપીસીકલમ-૩૮૦,૩૭૯,૪૫૭,૧૧૪ મુજબના ગુન્હામાં ટેકનિકલ સોર્સ તથા હ્યુમન સોર્સની મદદથી ચોક્ક્સ બાતમી આધારે પોલીસ તપાસમાં જાહેર થયેલ અને પોલીસની કાયદેસરની ધરપકડથી બચવા સારૂ પોલીસથી બચતા ફરતા આરોપી વિજય મગરસીંગ અજનાર ઉ.વ. ૨૦, ધંધો. મજુરી, રહે. હાલ - હરીપુરા વાડી વિસ્તાર, તા.જી.અમરેલી, મુળ રહે. ઉન્ડારી મોટલા ફળીયા તા.જોબટ જી.અલીરાજપુર મધ્યપ્રદેશને હરીપુરા તા.જી.અમરેલી ગામના વાડી વિસ્તારમાંથી પકડી પાડી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

# રાજુલા પાલિકાના પૂર્વ પ્રમુખ શ્રી સાવલીયાએ સજોડે દેહદાનનો સંકલ્પ કર્યો



રાજુલા,

રાજુલાના સામાજિક કાર્યકર માજી નગરપાલિકાના પ્રમુખ ભરતભાઈ સાવલિયા અને તેમના ધર્મપત્ની મૃતક પછી બંનેનું દેહદાન જાહેર કરી વિધિ પૂર્ણ કરી સે અને અમરેલીમાં સિવિલ હોસ્પિટલમાં અર્પણ થશે રાજુલાના સામાજિક કાર્યકર ભરતભાઈ સાવલિયા એટલે સરળ સ્વભાવ હસતા મોઢે ક્યારેય નારાજ ન હોય મોટા હોય કે નાના ભરતભાઈ ને સર્વ માન્ય હોવાથી રાજકીય રાજુલા માજી નગરપાલિકાના પ્રમુખ હતા ગુજરાત કોંગ્રેસ કિસાન સંઘના ડિરેક્ટર હતા અનેક સેવા ભાવિ સંસ્થાઓ સાથે ભરતભાઈ સૌથી આગળ હોય છે હવે તેઓ નિવૃત જીવન ગાળી રહ્યા છે ત્યારે એમને વિચાર આવ્યો કે મારા મૃતક પછી મારો દેહદાન કરવું જોઈએ આ નિર્ણય તેના ઘરના પત્ની મસા બેન ભરતભાઈ સાવલિયા એ પણ આ વિચાર તેમના ઘરના મસા બેન ભરતભાઈ સાવલિયા પોતાના વિચારની વાત કરી ત્યારે તેના ઘરના પણ ખુશી થઈ અને કહ્યું કે આ વિચાર મને બહુ જ ગમ્યો બંને વર્ષો સુધી લગ્ન કરી સાથે રહ્યા અને સાથે જ એક માર્ગે જઈશું જેથી બીજાનું ભલું થાય અને બીજાના ઉપયોગી થઈ શકીએ કોઈકનો જીવ બચાવી શકીએ જેથી બંને આ નિર્ણય લઈ લીધો હસતા હસતા નિર્ણય લઈ લીધો ત્યાં ત્યાર પછી થોડા દિવસમાં કાગળની કામગીરી પણ દેહદાનની પૂર્ણ કરી દીધી. આ નિર્ણયને રાજુલા માર્કેટિંગ યાર્ડના પ્રમુખશ્રી જીગ્નેશભાઈ પટેલ રાજુલા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખશ્રી ગૌરાંગભાઈ મહેતા માજી પ્રમુખ સત્ર જીતભાઈ ધાખડા પૂર્વ ધારાસભ્ય શ્રી અમરીશભાઈ ડેર શ્રી નગરપાલિકાના પૂર્વ પ્રમુખ કનુભાઈ ધાખડા મહિલા મંડળના પ્રમુખ શ્રી ભાવનાબેન બાંભણિયા તથા રાજુલા માર્કેટિંગ યાર્ડના પૂર્વ પ્રમુખ મનુભાઈ ધાખડા તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ હનુભાઈ વાવેરા તથા રેલવે બોર્ડના સલાહકાર હર્ષદભાઈ રાદડિયા તથા માજી નગરપાલિકાના પ્રમુખ ચિરાગભાઈ જોશી તથા આણંદુભાઈ ઝાપોદર તથા ઓલ મુસ્લિમ સમાજના પ્રમુખશ્રી આરીફ ભાઈ જોખીયા પત્રકાર શ્રી કનુભાઈ વરુ સહીતે પ્રથમ વાર બંને દેહદાનનું જાહેરાત કરતા લોકોએ અભિનંદન પાઠવ્યા હતા.

# અગ્રણી કેળવણીકારની વિદાયથી મેંદરડા તાલુકામાં ઘેરા શોકની લાગણી



જુનાગઢ,મેંદરડાનાં જુના જનસંઘી, કેળવણીકાર અને સહકારી ક્ષેત્રના અગ્રણી ગૌ પ્રેમી વાસુદેવભાઈ પુરોહિતનું અવસાન થતાં શોકનું મોજુ ફરી મળ્યું છે.તેઓ પત્રકાર પણ હતા. મેંદરડા પંથકના અનેક પ્રશ્નો અને વાચા આપી છે. તેમની નિડરતા, આધ્યાત્મિક જ્ઞાનમાં પણ નિપુણ હતા. ગૌ સેવા તેમનો જીવન મંત્ર હતો. કિશોરચંદ્રજી મહારાજે જ્યારે કપરા સમયે કેટલ કેમ્પ શરૂ કર્યા ત્યારે તેમણે ખૂબ સેવા કરી અને પોતે પણ એક જીવન મંત્ર લઈ નિરાધાર અપંગ બીમાર ગૌ સેવા કરી પોતાના ખર્ચે ૬૫ જેટલી ગાય, બળદનો નિભાવ કર્યો હતો. અને ઘરે ઘરે જઈ ગ્રામજનોને એક ગાય રાખવા અને મૃત્યુ પર્યંત તેમના સેવાકીય પ્રયત્નો રહ્યા હતા. મેંદરડા તાલુકા સહકારી સંઘમાં પણ તેઓએ ડાયરેક્ટર તરીકે ૬ જાન્યુઆરીના રોજ તેમનું અવસાન થતાં પુત્ર યોગેશ, નિરંજન, પુત્રી રેખા અને સંગીતા અને વિલાપ કરતા છોડી ગયા છે.

# ધારીમાં પરમ પુજ્ય શ્રી ભીખુદાદા અતિથિ ભવનનું ભુમિપુજન કરાશે

અમરેલી,શ્રીબોરડીયાદાદાખેતલીયાદાદાસેવા ટ્રસ્ટ ધારી સંચાલિત 'પ.પૂ.ગુરૂશ્રી ભીખુદાદા અતિથિ ભવન' નું ભૂમિપૂજન તા. ૨૫/૦૧/ ૨૦૨૪ને ગુરૂવારના દિવસે સંતશ્રી સદાનંદજી બાપુ (ગુરૂશ્રી મુકતાનંદજી બાપુ) તથા ધારાસભ્ય શ્રી જે.વી.કાકડીયા, સરપંચ શ્રી જયશ્રીબેન વાળા અને ધારી ની અનેક સેવાકીય સામાજીક સંસ્થા ના હોદેદારો, રાજકીય મહાનુભાવો, સર્વજ્ઞાતિ નાત તથા વેપારી મંડળના હોદેદારો વગેરે ની હાજરી મા ભૂમિપૂજન થવા જઈ રહ્યું છે તો ધારી ની દરેક ધર્મપ્રેમી જનતા ને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

# ડેડાણ બસસ્ટેન્ડની દુર્દશા સર્જાઇ

## બસ સ્ટેન્ડની અવાર નવાર રજુઆત છતા ઉકેલ નથી

ડેડાણ, (બહાદુરઅલી હીરાણી)

ડેડાણમાં બસસ્ટેન્ડ છે પણ તેની ભયંકર દુર્દશા છે. બાજુમાં જ હઝરતપીર ઝનુનશા બાવાની મજાર આવેલ છે. ત્યાં જવું મુશ્કેલ બને છે. ગંદા પાણીની રેલમછેલ જોવા મળે છે. સરપંચે તાલુકા પંચાયતમાં રજુઆત કરી છતા કોઈ ધ્યાન નથી આપતું. કમિટીનાં પ્રમુખ સંદિપ ખાને પણ રજુઆત કરી છે. અહીં બસસ્ટેન્ડ જેવા વિસ્તારમાં ગંદકીને કારણે લોકો પરેશાન છે. તેનો ઉકેલ લાવવા લોક માંગણી ઉઠી છે.

## નિકાસ વેપાર વિકાસ માટેનું મહત્વનું પાસુ

# વિદેશી પ્રતિનિધિ મંડળોને રાજકોટ લાવવાનો શ્રેય સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગ મહામંડળને ફાળે

## ૨૨ વર્ષમાં અનેક પ્રશ્નોનું નિરાકરણ લાવ્યાં

અમરેલી,

સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગ મહામંડળની સ્થાપના ૨૦૦૧ માંથઈ હતી. જેના પ્રમુખ પરાગ તેજુરા તથા પદુભાઈ રાયચુરા, મહેશ નગદીયા, ભુપતભાઈ છાંટબાર, પ્રભુદાસભાઈ તન્ના, રાજુભાઈ સંઘવી, સુરેશ તન્ના, બિપીન સિધ્ધપુર, કિશોર પટેલ, અનિલ કારીયાએ સુક્રિય ભુમિકા ભજવી હતી. સૌરાષ્ટ્ર કચ્છનાં વિકાસ, પાયાનાં પ્રશ્નો હલ કરવાનો મુખ્ય હેતુ છે. ૨૨ વર્ષનાં ગાળામાં પરચુરણ, જકાત, વેટ, એરપોર્ટ, નાળીયરી, આઈટી જેવા અનેક પ્રશ્નો દુર કર્યા છે. ૨૦૧૫થી ૨૩ સુધીનાં નવ વેપાર મેળાનું આયોજન થયેલું તેમા ૬૦ દેશોનાં ૧૦૦૦થી વધુ ડેલીગેટો રાજકોટ આવ્યાં અને હજારો કરોડનો નિકાસ વેપાર શરૂ થયો. છેલ્લા ૯ વર્ષમાં ચાર દેશનાં મીનીસ્ટરોને ૩૫ જેટલા કમિશ્નર, એમ્બેસેડરો અને ડીપ્લોમેટ પણ રાજકોટ આવ્યાં. આમ રાજકોટ આવતા વિદેશી ગ્રાહકોને એક્ઝીબીશન પુર્ણ થયા બાદ બે દિવસ ફેક્ટરી વિઝીટ લઈ ગયા અને વિશ્વાસનું વાતાવરણ ઉભુ કરવા વિઝીટ મહત્વની સાબિત થઈ. આગામી ૧ થી ૧૩ ફેબ્રુઆરીમાં વેપાર મેળો અને ૧૪થી ૧૫માં વિદેશી ડેલીગેટ વિઝીટ કરશે. તેમ સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગ મહામંડળે જણાવ્યું છે.

# રાજેશ ઠક્કર કરાટે એકેડમી દ્વારા મુંબઈમાં ૪૩ મી વાર્ષિક કરાટે ટુર્નામેન્ટનું ભવ્ય આયોજન

## ટુર્નામેન્ટમાં મુંબઈ અને ભાવનગર સહિતના શહેરોમાંથી ૩૦૦ જેટલા સ્પર્ધકો ભાગ લેશે

મુંબઈ,રાજેશ ઠક્કર કરાટે એકેડમી મુંબઈ દ્વારા પી.જે. હિન્દુ જીમખાનાના સહયોગથી આગામી તા. ૨૭-૨૮ જાન્યુઆરી ૨૦૨૪ના મરીન ડ્રાઈવ મુંબઈમાં ૪૩ મી વાર્ષિક કરાટે ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ છે. આ ટુર્નામેન્ટમાં કિહોન (બેઝીક્સ) , વ્યકિતગત કાતા , શેડો શીયાઈ,શિયાઈ કુમીતે જેવી વિશિષ્ટ બાબતોની તાલીમ આપવામાં આવશે.ટુર્નામેન્ટમાં મુંબઈ અને ભાવનગર સહિતના શહેરોમાંથી ૩૦૦ જેટલા સ્પર્ધકો ભાગ લેશે.સેવન ડીગ્રી બ્લેક બ્લેટ સેનસેઈ રાજેશ ઠક્કરના માર્ગદર્શન હેઠળ જયેશ સોમૈયા, બહાદુર રાવલ, હર્ષ સાયતા સહિતના અનુભવી પ્રશિક્ષકો તાલીમ આપશે.તાજેતરમાંજ સેનસેઈ રાજેશ ઠક્કર અને તેની ટીમે ઓકીનાવા -જાપાનની મુલાકાત લીધી હતી. અને સુપ્રસિધ્ધ ગ્રાન્ડ માસ્ટર હંશી મોરીયોહિગાવના (૧૦મી ડેન) ના માર્ગદર્શન હેઠળ બે સપ્તાહની સઘન તાલીમ લીધી હતી.

# રાજુલા સમર્પણ હોસ્પિટલમાં બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો




રાજુલા,રાજુલા સમર્પણ હોસ્પિટલ ખાતે એક બ્લડ ડોનેશન કેમ્પનું ભવ્ય આયોજન કરવામાં આવેલુંબ્લડ ડોનેશન કેમ્પ તો દરેક જગ્યાએ થતા જ હોય છે પરંતુ આજનો આ બ્લડ ડોનેશનમાં ત્રિવેણી સંગમ જેવો માહોલ જોવા મળ્યો. આ બ્લડ ડોનેશન કેમ્પમાં ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ પીપાવાવ પોલીસ સ્ટેશન રાજુલા અને રાજુલા સમર્પણ હોસ્પિટલ આ ત્રણેયના સહયોગથી આ બ્લડ ડોનેશન કેમ્પ ભવ્ય રીતે આયોજન કરવામાં આવેલ જેમાં આજના આ કેમ્પમાં કુલ ૭૫ બોટલ એકત્રિત થવા પામેલ આ કાર્યમાં નવકાર બ્લડ બેન્ક મહુવા દ્વારા પોતાની વિશેષ સેવા આપવામાં આવેલી ત્યારે મહત્વ ની બાબતે કે સમર્પણ હોસ્પિટલને એક વર્ષ પૂરું થતાં આ આયોજન કરવામાં આવેલ ત્યારે પોલીસ કર્મી માટે સુરક્ષા સેતુ કાર્યક્રમ અંતર્ગત તેમજ કોસ્ટ ગાર્ડ દ્વારા કોસ્ટગાર્ડ વીક ચાલી રહ્યું હોય ત્યારે આ ત્રિવેણી સંગમ કાર્યક્રમ યોજાયો ત્યારે આ કાર્યક્રમમાં કોસ્ટ ગાર્ડના સ્ટાફ દ્વારા તેમજ પોલીસના સ્ટાફ દ્વારા તેમજ આ હોસ્પિટલના તમામ ડોક્ટરો દ્વારા સાથે સાથે હોસ્પિટલમાં આવનાર દર્દીઓના સગાઓ દ્વારા પણ આ કાર્યમાં બ્લડ આપીને સહયોગ આપેલો આ કાર્યક્રમમાં ડોક્ટર જયંતીભાઈ કાતરીયા અને તેમની ટીમ તેમજ કોસ્ટ ગાર્ડની ટીમના મુખ્ય અધિકારી રાકેશકુમાર દ્વારા તેમજ રાજુલા પોલીસ સ્ટેશનના પી.આઈ ગીડા દ્વારા અને તેમની ટીમ દ્વારા આ કાર્યક્રમને સફળ બનાવેલો.

# રાજુલા સ્વામિનારાયણ મંદિરે ધર્મસભા યોજાઈ



રાજુલા, અયોધ્યા મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અનુસંધાને રાજુલા વિશ્વ હિન્દુ પરિષદ રાજુલા દ્વારા ધર્મસભા યોજાઈ હતી જેમાં સ્વામી શ્રી અખળમંડલ સ્વામી તેમ જ માં ઉર્જા મૈયા બારપટોળી કેસરીનંદન હનુમાન મંદિર મંહત સનાતનદાસ બાપુ નિગાળા ના અમરદાસ બાપુ વૃંદાવન બાગ શૈલેન્દ્ર મહારાજ રામપરા નારાયણ સ્વામી જીલ્લા વિહિપ વકતા વિવેકભાઈ તળાવયા પ્રમુખ વિપુલ ભાઈ પરમાર સાવરકુંડલા મંત્રી કમલેશભાઈ સાખટ જગદીશ ભાઈ ગોહિલ કાર્યક્રમ પ્રાસંગિક ધર્મસભા સંબોધન કર્યુંહતું સાધુ સંતો તથા બીજેપી આગેવાન રવુભાઈ ખુમાણ ડો ખુમાણ સત્સંગ મંડળ જેન્તીભાઈ જાની બકુલભાઈ વોરા રઘુવંશી સમાજ મંડળ જોડાયા હતા આમંત્રણ મહેમાનોઓનું સ્વાગત પુવરાજ ભાઈ ચાદુ ચેમ્બર મનિષભાઈ વાળા ગૌરાંગભાઈ મહેતા મનિષભાઈ વાઘેલા દિલીપ વોરા વિનુભાઈ શ્રી રામ તથા ચિરાગ બી જોષી જેડીભાઈ ધાખડા તથા રાજાભાઈ ધાખડા મશરુભાઈ દ્વારા જહેમત ઉઠાવી હતી આભાર વિધિ યુવરાજ ભાઈ ચાદુ કરી હતી રાજુલા ખાતે તારીખ ૨૦/૧ રોજ છબીલા હનુમાનજી મંદિર રાત્રે પાઠ તારીખ ૨૧/૧ સ્વામી નારાયણ મંદિર અક્ષર મંદિર રાસ ગરબા ઉત્સવ તારીખ ૨૨/૧ બપોર પછી ૩/૦૦ કલાકે રથયાત્રા છ જેટલા ફ્લેટ ટ્રેક્ટર શણગાર સાથે રામજી મંદિર થી નીકળી જલારામ બાપા મંદિર સુધી ભવ્ય શોભાયાત્રા પુર્ણ થશે શહેર ને ધજા પતાકા દરેક મંદિર શણગાર રાજુલા ચિરાગ બી જોષી દ્વારા જણાવાયું છે

# કચ્છ-ભુજ પંથકનાં વિવિધ વર્તમાન

કચ્છ બ્યુરો ચીફ જયશ્રી મહેતા

# લખપત ખાતે મેગા મેડીકલ કેમ્પ યોજાયો

## મેડીકલ કેમ્પમાં ૧૭૨ દર્દીઓએ સારવાર તેમજ માર્ગદર્શન લઈ સંતોષ વ્યક્ત કર્યો



ભુજ, કચ્છ સામાજીક વનીકરણ વિભાગ દ્વારા તા.૨૧/૦૧/૨૦૨૪, રવિવારના રોજ સવારે ૦૯:૩૦ કલાકથી ૧૪:૦૦ કલાક સુધી પાન્ધ્રો પ્રાથમિક શાળા તા.લખપત ખાતે મેગા મેડીકલ કેમ્પનું આયોજન કરવામા આવેલ હતુ. આ મેડીકલ કેમપમાં ફુલરા, પાન્ધો, સોનલનગર, દયાપર, જારા, એકતાનગર, મીંઢીયારી, વર્માનગર, બેખડા, નવાનગર, અપનાનગર, માતાના મઢ ગામના લોકોએ ઉપલબ્ધ મેડીકલ સેવાનો લાભ લીધો હતો. આ મેડીકલ કેમ્પનું આયોજન કચ્છ વન વર્તુળના મુખ્ય વન સંરક્ષકશ્રી સંદિપ કુમારના માર્ગદર્શન અન્વયે થયેલ હતુ. જેમાં કચ્છ જિલ્લાના ભધર્ડડો. બૂચ સાહેબ તેમજ ભધર્લ શ્રી ફુલમાલી સાહેબ તથા તેમની મેડીકલ ટીમ દ્વારા સહયોગ આપવામા આવેલ હતો. આ મેડીકલ કેમ્પમાં દર્દીઓને નિષ્ણાંત ડોકટરો દ્વારા આંખ, ચામડી તેમજ બિન ચેપી રોગોનું નિદાન કરી આપવામા આવેલ હતુ. તેમજ નિઃશુલ્ક દવાઓ પુરી પાડવામા આવેલ હતી. આ મેડીકલ કેમ્પમાં ૧૭૨ દર્દીઓએ સારવાર તેમજ માર્ગદર્શન લઈ સંતોષ વ્યક્ત કરેલ હતો. આ કેમ્પમાં ડો રવી સોલંકી, ડો. નૌશીન શૈખ, ડો. કલ્પેશ રાઠોડ, ડો નિમિશા મકવાણા તથા તેમની મેડીકલ ટીમે નિષ્ણાંત તરીકે સેવા પુરી પાડી હતી. કચ્છ સામાજીક વનીકરણ વિભાગના નાયબ વન સંરક્ષક શ્રી હરેશ મકવાણા, મદદશનીશ વન સંરક્ષક શ્રી આર.જે.દેસાઈ, રેન્જ ફોરેસ્ટ ઓફીસર શ્રી બી.એન.દેસાઈ, વનપાલ શ્રી બી.ડી.દેસાઈ, વનપાલ શ્રી એસ.ડી. પરમાર દ્વારા મેડીકલ કેમ્પને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# ગીર સોમનાથ પંથકનાં વિવિધ વર્તમાન

ગીરસોમનાથ બ્યુરો ચીફ સંજય રાઠોડ

# ગીર સોમનાથ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ઈવીએમ વીવીપેટની માહિતી આપવા ડેમોન્સ્ટ્રેશન કરાયું

ગીર સોમનાથ, આગામી લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ને લઈને ગીર સોમનાથ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. મતદારોમાં મતદાન અંગે જાગૃતિ લાવવાના કેમ્પેઈન પણ શરૂ છે, તો ઈવીએમ અને વીવીપેટ દ્વારા મત કેવી રીતે આપવાથી લઈ તમામ જાણકારી મતદારોને આપવા માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ઈવીએમ નિદર્શનના જાહેર કાર્યક્રમોનું પણ આયોજન કરવામા આવી રહ્યું છે. આ કાર્યક્રમ અંતર્ગત ઈણાજ ખાતેના જિલ્લા સેવા સદનના પરિસરમાં જિલ્લા કલેક્ટરશ્રી એચ.કે.વઢવાણિયાની ઉપસ્થિતિમાં ઈવીએમ ડેમોન્સ્ટ્રેશન કરવામાં આવ્યું હતું.લોકસભા ચૂંટણીને લક્ષમાં લઈ સમગ્ર મતદારો, એમાંપણ ખાસ કરી યુવા મતદારો અને ગ્રામ્ય મતદારો ઈવીએમ અને વીવીપેટ અંગે માહિતગાર થાય અને મતદારોમાં જાગૃતિ વધે તે હેતુસર આ કાર્યક્રમ યોજાયો હતો. ઈવીએમ અને વીવીપેટ નિદર્શન માટે ચૂંટણી પંચ ગાંધીનગર દ્વારા ફાળવેલ એલ.ઈ.ડી મોબાઈલ વાન દ્વારા સમગ્ર ગીર સોમનાથ જિલ્લાના વિવિધ વિધાનસભા મતવિસ્તારમાં તબક્કાવાર નિર્દેશન કરવામાં આવશે. જે અંતર્ગત ૯૦-સોમનાથ વિધાનસભા મતવિભાગમાં તા.૧૯-૦૧-૨૦૨૪થી તા.૩૦-૦૧-૨૦૨૪ સુધી, ૯૧-તાલાલામાં તા.૩૧-૦૧-૨૦૨૪થી તા.૦૮-૦૨-૨૦૨૪ સુધી, ૯૨-કોડીનારમાં તા.૦૯-૦૨-૨૦૨૪થી તા.૧૭-૦૨-૨૦૨૪ સુધી જ્યારે ૯૩-ઉનામાં તા.૧૮-૦૨-૨૦૨૪થી તા.૨૯-૦૨-૨૦૨૪ દરમિયાન મોબાઈલ વાનના માધ્યમથી સમગ્ર જાણકારી આપવામાં આવશે.

# જુનાગઢ પંથકનાં વિવિધ વર્તમાન

જુનાગઢ બ્યુરો ચીફ હિતેષ પારેખ

# જુનાગઢ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર શ્રી અનિલકુમાર રાણાવસિયાએ ઇવીએમ નિદર્શન માટે એલઇડી વાનને લીલી ઝંડી આપી શુભારંભ કરાવ્યો



જૂનાગઢ, જૂનાગઢ જિલ્લાના નાગરિકોને મતદાન કરવા માટે પ્રેરિત કરવા તેમજ મતદાન પ્રક્રિયાની જાગૃતિના પ્રચાર પ્રસાર માટે ડિજિટલ રથને જૂનાગઢ જિલ્લાના ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર શ્રી અનિલકુમાર રાણાવસિયાએ લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. કલેક્ટર કચેરી ખાતેથી જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ આ રથને પ્રસ્થાન કરાવી અને ઈ.વી.એમ. અને વી.વી.પેટ મતદાન પ્રક્રિયાની જાગૃતિ માટે નિદર્શન અર્થે મૂકવામાં આવેલા ઈ.વી.એમ. ડેમોસ્ટ્રેશન સેન્ટરની મુલાકાત પણ કરી હતી. લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ અન્વયે ઈવીએમ નિદર્શન માટે ન્ઈઘ વાન મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા ફાળવવામાં આવેલ છે. આ વાનને ગ્રામ્ય વિસ્તારમાં ગામના ચોરા, છઁસ્ભ, રવિવારી-અઠવાડીક બજાર, દૂધ મંડળી, ગ્રામ પંચાયત, તહેવારવાળી જગ્યા, મેળાઓ તેમજ શહેરી વિસ્તાર માટે કોલેજ-યુનિ. કેમ્પસ, મોલ, થીયેટર, ૈંઘભ વિસ્તાર, ફૂડ મોલ, બગીચાઓ જેવા જાહેર સ્થળો ઉપરાંત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨માં ૫૦ ટકાથી ઓછું મતદાન થયેલ.

